ज्ञान माहात्म्य.

લેખક,

દોસી મણિલાલ નથુભાઇ બી. એ.

અમદાવાદ.

પ્રગટ કર્તા,

શેઠ હાથીભાઇ મુળચંદ,

માણસા.

વીર સંવત ૨૪૩૫ સને ૧૯૦૮.

જૈન પ્રીન્ટીંગ વર્કસ લી૦—મુંબઇ.

મૂલ્ય અમૂલ્ય.

જ્ઞાન માહાત્મ્ય.

લેખક,

દોસી મણિલાલ નથુભાઇ બી. એ.

અમદાવાદ.

પ્રગટ કર્ત્તા,

શેઠ હાથીભાઇ મુળચંદ,

માણસા.

વીર સંવત ૨૪૩૫ સને ૧૯૦૮.

જૈન પ્રીન્ટીંગ વર્કસ લી૦—મુંબઈ.

મૂલ્ય અમૂલ્ય.

આખા હિન્દુસ્તાનમાં જગજાહેર થયેલું, દરેક ઘેર વંચાતું
આગેવાન અઠવાડિક

'જૈન.'

આ પત્ર દર રવિવારે મુંબાઈમાં બ્હાર પડે છે. તેમાં જૈન ધર્મ અને કાર્ય સંબંધી તમામ ખબરો આવે છે. આજ છ વર્ષથી તે નીકળે છે અને ન્હાનાથી મ્હોટા દરેક તે હર્ષથી વાંચે છે. દર વર્ષે ઉત્તમ પુસ્તકોની ભેટ આપવામાં આવે છે. વધુ વીગત માટે નમુનાનો અંક મંગાવી ખાત્રી કરો.

પત્રવ્યહુવાર;
મેનેજર—જૈન.
કોટ—મુંબઈ.

બે બોલ.

માણુસાવાળા શેઠ હાથીભાઇ મુળચંદે અમારા ઉપદેશ ઉપરથી જ્ઞાન માહાત્મ્ય ઉપર જે નીબંધ લખે, તેને રૂ. ૨૫ આપવાની જાહેર ખબરો જુદા જુદા જૈન પત્રો તથા માસિકોમાં આપી હતી, તે ઉપરથી અમારા ઉપર ત્રણ નિબંધો ત્રણ જૈન ગૃહસ્થો તરફથી મળ્યા હતા. તે ત્રણ નિબંધમાંથી અમદાવાદનિવાસી ભાઇ મણીલાલ નથુભાઇ દોસી બી. એ. નો નિબંધ સાથી ઉત્તમ હતો. તેમાં જ્ઞાન પ્રાપ્ત કરવાના વિવિધ માર્ગો બહુ ઉત્તમ રીતે દર્શાવવામાં આવેલા છે, અને છેવટના ભાગમાં આત્મજ્ઞાન મેળવવાનો બહુજ ઉત્તમ માર્ગ જણાવેલો છે, જે ખાસ મનન કરવા લાયક છે

વિદ્રોલ.	લી.
કાર્તિક સુદ પુર્ણિમા ૧૯૬૫.	મુનિ શ્રી બુદ્ધિસાગર.

ॐ नमः

ज्ञानमाहात्म्य.

मंगलाचरणम्.

ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ॥
स्वयं तीर्णो भवाम्भोधेः परं तारयितुं क्षमः ॥ १ ॥

(ज्ञानसार)

अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशांगं विशाल ।
चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः ॥
मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेयभावप्रदीपं ।
भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ॥२॥

स ब्रह्मनिष्ठः सममित्रशत्रुः ।
विद्याविनिर्वान्तकषायदोषः ॥
लब्धात्मलक्ष्मीरजितोऽजितात्मा ।
जिनः श्रियं मे भगवान् विधत्ताम् ॥३॥

(सामन्त भद्राचार्य)

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ॥
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥४॥

જ્ઞાનમાહાત્મ્ય.

પ્રયોજન. જ્ઞાન ! પવિત્રજ્ઞાન ! ઉચ્ચધાર્મિકજ્ઞાન ! મોક્ષ પર્યન્ત લઇ જનાર સદ્‌જ્ઞાન ! તારા લાભ, તારૂં માહાત્મ્ય, તારી કીર્તિ, શબ્દોમાં શી રીતે દર્શાવવી, આ વૈખરીવાણીદ્વારા શી રીતે જણાવવી, તે આ લેખકને સુઝતું નથી. લેખકની શક્તિ મર્યાદિત હોવાથી, તારા અમર્યાદિત ગુણોનું વર્ણન કરવાને કેવી રીતે પ્રયાસ કરે ? તોપણ **शुभे यथाशक्ति यतनीयम्** (શુભ કાર્યમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરવી.) એ મહાન્ પુરૂષોના વાક્યને અનુસરી, તે સંબંધી અલ્પમતિ પ્રમાણે કાંઇક નિવેદન કરવા પ્રયાસ કર્યો છે, અને પરમાત્માની પરમ કૃપાથી તે પ્રયાસ સફળ થાઓ એવું ઇચ્છી, એવી પ્રાર્થના કરી, આ લેખ લખવા ઉચિત ધાર્યું છે.

વિષય. આ નિબંધમાં જ્ઞાનના અગણ્ય લાભ સંબંધી વિદ્વાનો શું કહી ગયા છે, જ્ઞાનીઓ કેવી રીતે પ્રશંસાને પાત્ર છે, અને તેમનું જીવન કેવી રીતે અનુકરણ કરનારને જ્ઞાન સમીપ લઇ જાય છે, તે જણાવી તેવું ઉત્તમ પ્રકારનું જ્ઞાન મેળવવાના કયા માર્ગ છે, અને તે મેળવવા ઇચ્છનારમાં ખાસ કયા ગુણોની સામગ્રીની જરૂર છે, તે તરફ વાચકવર્ગનું લક્ષ દોરવા પ્રયત્ન કરીશ.

પાશ્ચાત્ય તેમજ પૂર્વના વિદ્વાન્ ગ્રન્થકારોએ—મહાત્માઓએ—ઋષિ

જ્ઞાનના મહાત્મ્યનું કારણ.

મુનિઓએ જ્ઞાનને જે ઉચ્ચ પદ આપ્યું છે, તે વાસ્તવિક રીતે જોતાં યોગ્યજ છે. કારણકે જેમાં જ્ઞાનનું માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે, તેના લેખકો જાતે વિદ્વાન્–બુદ્ધિશાળી હતા. અને જે-વડે પોતે જ્ઞાનીપદને લાયક થયા, તેની પ્રશંસા તેમની વાણીમાંથી સ્ફુરે એ સ્વાભાવિક છે. જૈનશાસ્ત્રો જ્ઞાનને આત્માનો સ્વાભાવિક ગુણ માનેછે, અને જણાવેછે કે કર્મરૂપી પડલથી આત્માની શુદ્ધ જ્યોતિ ઢંકાઇ ગઇ છે, તે જ્યારે વિખરાઇ જશે ત્યારે આત્મા સ્વયં જ્યોતિરૂપ હોઇ, પોતાના તેજસ્વી રૂપમાં પ્રકાશી અન્ધકારમાં ડુબતા ગોથાં મારતા અન્ય બંધુઓનું અજ્ઞાન દૂર કરી શુદ્ધ માર્ગે પ્રેરશે. **તત્ત્વાર્થસુત્ર પ્રશમરતિ** વગેરે અનેક સચ્છાસ્ત્રના રચનાર ઉમાસ્વાતિ સ્વામી સ્વરચિત તત્ત્વાર્થસૂત્ર જે જૈનધર્મના સકળ સિદ્ધાન્તના સંગ્રહ રૂપે છે, તેમાં પ્રથમ સુત્રમાંજ જણાવે છે કે **જ્ઞાનદર્શનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ** જ્ઞાન, દર્શન, અને ચારિત્ર, એ ત્રણ મોક્ષના માર્ગરૂપછે. આ ત્રણમાં પણ જ્ઞાનને પ્રથમ પદ આપ્યું છે અને તે વાસ્તવિકજ છે; કારણકે જ્યાં સુધી વસ્તુ માત્રનું ખરૂં જ્ઞાન થાય નહીં ત્યાં સુધી તે પરશ્રદ્ધા (દર્શન) થાય નહિ. અને જ્યાંસુધી શ્રદ્ધા સંપૂર્ણ રીતે ન જન્મે, ત્યાં સુધી તત્પ્રકારનું ચારિત્ર–વર્તન પણ ન સંભવી શકે, માટે સદ્વર્તન, અથવા શુદ્ધ ક્રિયાને સારૂ પણ સદ્જ્ઞાન અને તેથી ઉત્પન્ન થતા સદ્દર્શનની જરૂર છે. રાલ્ફવોલ્ડોટ્રાઇન નામનો સુપ્રસિદ્ધ તત્ત્વવેત્તા ઇમર્સનનો શિષ્ય જણાવેછે કે–First thought, then action and then habit. પ્રથમ વિચાર, પછી વિચાર પ્રમાણે કાર્ય અને કાર્ય કરવાથી તે કરવાની ટેવ પડેછે, માટે દરેક પ્રકારના

શુદ્ધ વર્તનને કાર્યને સારૂ તથા પ્રકારના જ્ઞાન તથા વિચારની આવશ્યક્તા છે. જૈનસિદ્ધાન્ત પણ તેજ બાબતને સમર્થન કરતાં જણાવે છે કે **પઢમં નાણં તઓ દયા**, પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા; આમ કહેવાનું કારણ સહજ સમજાય તેમ છે. જે મનુષ્યને સમ્યગ્જ્ઞાન નથી તે દયા કરતાં કદાચ અદયાનું પણ કાર્ય કરે, એ બનવું સંભવિત છે. માટે જ્ઞાનને પ્રથમ પદ આપવું આવશ્યક છે. 'ક્રિયા જ્ઞાનની દાસીરે' એ જૈનસિદ્ધાન્તાન્તર્ગત વાક્ય પણ તેજ વિષયની સરળ ભાષામાં પણ સમર્થ રીતે પુષ્ટિ આપેછે.

પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા.

અજ્ઞાની મનુષ્યોને અન્ધ સાથે સરખાવવામાં આવે છે, પણ જ્ઞાન તે વિવેકદૃષ્ટિ ખોલે છે, અને તે દ્વારા સારૂં-નરસું, સત્ય–અસત્ય, ધર્મ–અધર્મ, પાપ–પુણ્ય, વગેરે બાબતો જણાવે છે. કયી બાબતો હેય છે અને કઈ બાબતો આદેય છે, તે જણાવનાર પણ જ્ઞાન છે. આ વિશ્વમાં મારા જન્મનું શું પ્રયોજન છે, મારા જન્મનું સાર્થક શામાં રહેલું છે, મારો જગતના કેવળ બીજા મનુષ્યો સાથે નહિ પણ હલકા પ્રાણીવર્ગ સાથે શો સંબંધ છે, મારે કેવી રીતે આ વિશ્વમાં મારૂં વર્તન ચલાવવું કે ઇષ્ટ સિદ્ધિ થઈ શકે, તે સર્વે બાબતો પૂરી રીતે જણાવનાર સૂર્યસદૃશ જ્ઞાન છે. સૂર્ય તો દિવસના સમયમાંજ આપણને બાહ્ય પદાર્થો જણાવી શકે છે, પણ જ્ઞાન તો રાત્રિ તેમજ દિવસે હરસમયે આપણી જ્ઞાન ચક્ષુ જાગૃત કરી, આપણને વસ્તુમાત્રનું ભાન કરાવે છે, માટે જ્ઞાન તે તો સૂર્ય કરતાં પણ અધિક છે.

જ્ઞાનનું ફળ

પાશ્ચાત્ય વિદ્વાનો જણાવે છે કે Knowledge is power

જ્ઞાન તે અપૂર્વ શકિત છે.

જ્ઞાન તે અપૂર્વ શક્તિ છે, અને વસ્તુતઃ તે સત્ય કથન છે. જ્ઞાન તે અપૂર્વ શક્તિ છે. વિદ્વાનો—જ્ઞાનીઓ પોતાની વિદ્યાબળે શું શું કરી ગયા છે, અને હાલમાં શું શું કરે છે, તે તરફ દૃષ્ટિ ફેરવનારને, જ્ઞાનનીઅપૂર્વ શક્તિનુંસત્ય જણાયા વગર રહેશેજ નહિં. આત્મિક જ્ઞાનની બાબત હાલમાં લક્ષમાં ન લઇએ, તોપણ બાહ્ય જગત્‌ના પદાર્થના વિશેષ જ્ઞાનથી, વિદ્વાનો—રસાયણ શાસ્ત્રીઓ—સાયન્ટીસ્ટો જે કરે છે તે સામાન્ય મનુષ્યને તો પ્રથમ દર્શને ચમત્કારરૂપજ ભાસશે. મનુષ્યની બુદ્ધિનું બળ કેટલું છે, તે જણાવવાને સ્થૂળ જગતના બારીક જ્ઞાનથી ઉપજાવેલા પરિણામોની ટુંક નોંધ લેવામાં આવે તો તે અપ્રસંગોપાત નહિ ગણાય.

તેના પુરાવા રૂપે વરાળનો પ્રતાપ.

વરાળ અને વીજળી જેવી એ મહાન્ શક્તિઓને મનુષ્યે પોતાના જ્ઞાનબળથી આધીન કરી છે, તે દ્વારા જે જે કાર્યો હાલ જગતમાં થાય છે તે વર્ણવતાં આખું પુસ્તક રચવું પડે, તો પણ પ્રસંગાનુસાર કહેવાની જરૂર છે કે જે રેલ્વે ટ્રેન સુગમ રીતે એક સ્થાનથી બીજે સ્થાન થોડા સમયમાં અલ્પ મૂલ્યે, લુંટારાના ભય શિવાય, રસ્તાની અનેક પ્રકારની અડચણો શિવાય લેઇ જાય છે, તે રેલ્વે ટ્રેનને ગતિમાં મૂકનાર એન્જીન; જે સ્ટીમરો (આગબોટો) થોડા સમયમાં નિર્ભય રીતે એક દેશના મનુષ્યને દુનિયાના ગમે તે ભાગમાં આવેલા દેશમાં લેઇ જાય છે, અને આ પ્રમાણે જળથી જૂદા પડેલા વિવિધ દેશોને જોડી દેનાર સ્ટીમરમાં રહેલું બોઇલર; રૂ, રેશમ, શણ, ઉન વગેરેનું જેકાપડ બનાવતાં અનેક દિવસો લાગતા, છતાંપણ જે ખરબચડું

માલુમ પડતું તે કાપડને અલ્પ સમયમાં સફાઈદાર જથ્થાબંધ નિપજા-વનાર મીલોમાં રહેલું બોઈલર; તેમજ અનેક પ્રકારના સંચાઓને ચ-લાવનાર જૂદા જૂદા બોઈલરો—તે સર્વ, વરાળ ઉપર મનુષ્યે મેળવેલી સત્તાનાં પરિણામ છે.

વીજળીનો પ્રતાપ

અસલના સમયમાં એક દેશની ખબર પાસેના ગામવાળાને પડતાં અનેક દિવસ લાગતા હતા, તો પછી એક ખંડની વાત બીજા ખંડના લોકોને જણાતાં ઘણાં વર્ષ વીતે તે સ્વાભાવિક છે. હાલના સમય તરફ પ્રિય વાચકવૃન્દ! જરા દૃષ્ટિ ફેરવો. વર્તમાનપત્રોના કોલમો નિહાળો; અને યુરોપ, એશિયા, આફ્રિકા, અમેરિકા, આસ્ટ્રે-લીયા ખંડ વિગેરે રૂપ પૃથ્વીના કોઈપણ ભાગમાં બનેલા તેજ દિવસના કોઈપણ નવાજૂનીના સમાચાર તમારી દૃષ્ટિએ પડશે; અને તમે આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ થશો. આ સર્વ કોનો પ્રતાપ? વિદ્યા! જ્ઞાન! તારા શિવાય આ સર્વ નવાઈ કોણ ઉપજાવવા સમર્થ છે? વિદ્યાબળે વશ કરેલી વિદ્યુતશક્તિનોજ પ્રતાપ છે. તે સર્વ મનુષ્યોને વિદિત છે. તારનાં દોરડાંરૂપ સાધન વાપરીને જે શક્તિદ્વારા દુનિયાના કોઈપણ ભાગપર ઘણાજ અલ્પ સમયમાં એક બાબત જણાવવામાં આવે છે તે શક્તિ બીજા કોઈની નહિં પણ વીજળીની છે. શું વરાળ અને વીજળીમાં આ શક્તિ પ્રથમ નહોતી? શું મનુષ્યે તેને નવી શક્તિ આપી? શક્તિ તો તેની તેજ હતી. ફક્ત મનુષ્યને તેના સામર્થ્યનું—તેના પ્રભાવનું—તેની આવી મોટી શક્તિનું જ્ઞાન નહોતું. જ્યાં મનુષ્યને તેનું જ્ઞાન થયું, ત્યાં તે શક્તિ તેને સ્વાધીન થઈ. આ દ્રષ્ટાંત આપણે દરેક બાબતને લાગુ પાડી શકીએ, અને એ ઉપરથી દ્રઢતાથી અને નિશ્ચયપૂર્વક કહી શકાય કે જ્ઞાન તેજ અપૂર્વ શક્તિ

છે, અને અજ્ઞાન એ અન્ધકાર અને અશક્તિરૂપ છે. જો જગતના સ્થૂળના પદાર્થના કાયદાનું જ્ઞાન મનુષ્યને આટલી બધી સત્તા આપે છે, તો પછી આત્મિક, ધાર્મિક અને નૈતિક જ્ઞાન કેટલી શક્તિ આપે તે લખવા કરતાં વાંચનારની કલ્પનાશક્તિનેજ સોંપવું ઉચિત ધારૂં છું. જ્ઞાનનું માહાત્મ્ય બતાવતાં શ્રીમદ્ ભર્તૃહરિ નીતિશતકમાં જણાવે છે કે—

વિદ્યાનું માહાત્મ્ય.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं ।
विद्या भागकरी यशः सुखकरी विद्या गुरूणां गुरुः ॥
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं ।
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ॥१॥

વિદ્યા ખરેખર મનુષ્યને અધિક સુન્દરતા અર્પે છે. તે ગુપ્ત ધન છે. વિદ્યા, ભોગ યશ અને સુખને આપનારી છે, વિદ્યા ગુરૂનો પણ ગુરૂ છે, પરદેશમાં વિદ્યા બન્ધુની ગરજ સારે છે, વિદ્યા પરમ દેવ છે. રાજામાં ધન નહિં પણ વિદ્યા પૂજાય છે. વિદ્યાહીન મનુષ્ય તે પશુતુલ્ય છે. આ શ્લોકમાં જણાવેલા વિદ્યાના અનેક લાભ છે, તેટલુંજ નહિં પણ વિદ્યા એ મનુષ્યનું પરમ ભૂષણ છે, તેજ મનુષ્યનો ઉત્તમ શણગાર છે.

વિદ્યા એ ભૂષણ છે.

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्वलाः ।
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः ॥
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते ।
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥ २ ॥

મનુષ્યને બાજુબંધ, ચન્દ્ર જેવા ઉજ્વલ હારો, સ્નાન, વિલેપન, પુષ્પો, અલંકારેલા વાળ–વગેરે અનેક બાહ્ય સાધનો શોભાવતા નથી, પણ સંસ્કાર પામેલી વાણીજ શોભા આપે છે. બીજા આભૂષણો ક્ષય પામે છે, પણ વાગ્રૂપી આભૂષણ તે નિત્ય સ્થાયી છે.

જ્ઞાનની બલીહારી.

જ્ઞાનનું માહાત્મય એટલું બધું છે કે હાલના સુધરેલા જમાનામાં પણ નિર્ધન પણ જ્ઞાની પુરૂષને પગે લાગતાં શ્રીમાન પણ આંચકો ખાતો નથી. જ્ઞાનદ્વારા મનુષ્ય પોતાનો દોષ ક્યાં રહેલો છે, પોતાનામાં કયા અવગુણો છે તે યથાર્થ સમજી શકે છે. ભલે તે અવગુણોનો ત્યાગ કરવા પ્રયત્ન ન કરે, ભલે તે દોષમય જીવન ગાળે, પણ જ્યારે તે દોષમય અથવા અવગુણભરેલા જીવનના પરિણામરૂપે દુઃખ અનુભવશે, તે સમયે તેનું જ્ઞાન, જે તેને ખોટે માર્ગે જતાં અટકાવવા અંતઃકરણરૂપે ઉપદેશ દેતું હતું, તે વ્યક્ત થશે; અને તે મનુષ્ય સહજમાં સુધરી જશે. માટે જ્ઞાન પ્રમાણે કદાચ પ્રવૃત્તિ ન થાય તો પણ જ્ઞાનની બલીહારી છે.

જ્ઞાનવડે કર્મનો ક્ષય.

જ્ઞાન વડે મનુષ્ય પોતાના કર્મનો ક્ષય કરી શકે છે. મનુષ્યને જ્ઞાન થતાં પોતાના દોષ જણાય છે. પોતે કરેલા અનિષ્ટ કર્મ તેને યાદ આવે છે, તથા પશ્ચાતાપ થાય છે; અને તેથી કરીને આ ભવમાં જે જે અશુભ કાર્યો કર્યાં હોય અને તેથી સામા મનુષ્યને જે કાંઇ પણ નુકશાન થયું હોય, તેનો યોગ્ય બદલો આપવા પ્રયત્ન કરે છે; તેમજ જે જે અશુદ્ધ વિચારો કર્યા હોય તેને બદલે તેના વિરૂદ્ધ સારા વિચારોથી મનને ભરે છે, અને મનને પવિત્ર અને નિર્મળ બનાવે

છે; જો કે પૂર્વ કર્મના ઉદયથી કેટલીકવાર સંકટ સહન કરવા પડે, પણ તે સંકટના કારણભૂત પોતાનીજ પ્રવૃત્તિ હતી, એમ યથાર્થ સમજતો હોવાથી સહનશીળતાથી તે ખમે છે, અને આપત્તિરૂપ સદ્‌ગુરૂ જે બોધ આપે છે, તે ખુશીથી સ્વીકારે છે. આ સંકટ આપનાર જો કોઈ બીજો હોય તો પણ તેનાપર તે ગુસ્સે ભરાતો નથી, કારણ કે બીજા તો માત્ર નિમિત્ત માત્ર છે; પણ પોતાના સુખ દુઃખનું કારણ પોતેજ છે. આ પ્રમાણે જૂના કર્મોને ધૈર્યતાથી ભોગવી તેમનો ક્ષય કરે છે, અને પોતાને મળેલા જ્ઞાનથી એવી પ્રવૃત્તિ કરે છે કે નવાં કર્મ ઉપાર્જન ન થાય. આ પ્રમાણે નવાં કર્મનો પ્રવાહ અટકાવે છે, અને જૂનાનો ક્ષય કરે છે; અને અંતમાં મોક્ષ દશા પ્રાપ્ત કરી શકે છે, કહ્યું છે કે **ज्ञानाग्निना भस्मसात्कुरुते कर्माणि.** મનુષ્ય જ્ઞાન રૂપી અગ્નિ વડે ગમે તેવા કર્મોને ક્ષણ વારમાં ભસ્મીભૂત કરી શકે છે.

જ્ઞાન અને ધન. "કેટલાક લોકો એમ જણાવે છે કે જ્ઞાનમાં કાંઇ ધન નથી અને જ્ઞાનીઓ ઘણા ભુખે મરતા માલૂમ પડે છે." આમ કહેનારઓ કેવળ અજ્ઞાની પુરૂષો છે. કારણ કે ધન એ સુખ મેળવવાનું એક સાધન છે, પણ તેની પ્રાપ્તિમાંજ જીવતરનું સાર્થક નથી; ધનનો કેવીરીતે તે વ્યય કરે છે તેનાપર સુખ રહેલું છે. મનુષ્ય પાસે પુષ્કળ ધન હોય, પણ જો તે વધારે તૃષ્ણા રાખતો હોય તો તે તૃષ્ણાને લીધે તેનું મન ચિન્તાતુર થાય છે; અને જ્યાં ચિન્તા ત્યાં સુખ ક્યાંથી સંભવે? વળી ધન એ સ્થાયી પદાર્થ નથી; તેમાં અનેક સંકટ રહેલાં છે, જે વિદ્યાને લાગુ પડતાં નથી.

हर्तुर्याति न गोचरं किमपि शं पुष्णाति यत्सर्वदा ।
ह्यर्थिभ्यः प्रतिपाद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम् ॥
कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धनम् ।
येषां तान्प्रति मानमुञ्झत नृपाः कस्तैः सह स्पर्धते ॥३॥

જે વિદ્યારૂપી ધન છે તે ચોરોના હસ્તમાં આવતું નથી, જે કલ્યાણનું પોષક છે, જે વિદ્યાર્થીઓને આપવામાં આવતા છતાં, વૃદ્ધિ પામે છે; અને કલ્પના અન્તે પણ જેનો નાશ નથી, તેવા જ્ઞાનવાળા મનુષ્યો આગળ હે રાજાઓ! તમારૂં માન મૂકીદો—કારણ કે તે જ્ઞાનીયોની સાથે કોણ સ્પર્ધા કરી શકે? કહ્યું છે કે—

જ્ઞાન સમો કોઇ ધન નહિ, સમતા સમ નહિ સુખ;
જીવિત સમો આશા નહિ, લોભ સમો નહિ દુઃખ.

સુખનું સાધન.

સુખ તે મનપર રહેલું છે, અને તેથી વિદ્યાથી સંસ્કાર પામેલું મન જે સુખ પ્રાપ્ત કરી શકે છે, તે કેવળ ધનથી પ્રાપ્ત થાય નહિ. વિદ્યાને ધન પ્રાપ્ત કરવાની શક્તિના ધોરણથી માપવામાં આપણે મ્હોટી ભૂલ કરીએ છીએ; કારણકે જ્ઞાનમાં, નવું તત્ત્વ શોધી કાઢવામાં, કુદરતનું છુપું રહસ્ય દ્રષ્ટિએ પડતાં, તેમજ પોતાનું જીવન ઉન્નત થાય તેવી વિચાર શ્રેણી જડતાં, જ્ઞાનીઓને જે આનંદ સંતોષ, ઉચ્ચ ભાવના, અને મનઃ શુદ્ધિ થાય છે તેની સાથે કેવળ ધનથી ઉપજતું સુખ સરખાવી શકાય તેમ નથી. આ સંબંધમાં કવિ શેક્સપીઅર લખે છે કેઃ—

Labour to learn before you grow old,

Because learning is more precious than silver or gold,
Silver and gold would vanish away;
But acquired knowledge will not decay.

તમે વૃદ્ધ થાઓ, તે પ્હેલાં જ્ઞાન મેળવવાને શ્રમ લો. કારણ કે રૂપા તથા સોના કરતાં પણ વિદ્યા વધારે કીંમતી છે. રૂપું તથા સુવર્ણ નાશ પામશે, પણ મેળવેલું જ્ઞાન સર્વથા રહેશે. માટે જ્ઞાનને ધનના ધોરણથી નહિ માપતાં તેનામાં રહેલા અપૂર્વ લાભ તરફ દૃષ્ટિ કરો.

જ્ઞાન રૂપી સન્મિત્ર. જ્ઞાન એ મિત્રતાની ગરજ સારેછે. મનુષ્યને જ્યારે કોઇ બાબતમાં સમજણ ન પડતી હોય, ત્યારે મિત્રની સલાહ લેછે, પણ જે જ્ઞાનીઓ છે તેઓને બ્હારના મિત્રની જરૂર પડતી નથી. તેમનું જ્ઞાન સૂર્યની માફક તેમની બુદ્ધિ સતેજીત કરે છે, અને તેમના પ્રશ્નનો ઉત્તર આપી તેમની શંકાનું સમાધાન કરે છે. જ્ઞાન રૂપી સન્મિત્ર તેમને પાપ કર્મથી નિવારે છે, હિતકારી કાર્યમાં પ્રેરણા કરે છે, ગુહ્ય વાત ગુપ્ત રાખે છે, ગુણોને પ્રકટ કરે છે, આપત્તિ કાળે ત્યાગ કરતો નથી, અને યોગ્ય સમયે મદદ કરે છે.

જ્ઞાન અને ગર્વ. આ સંબંધમાં એટલું જણાવવું આવશ્યક છે કે જ્ઞાનની એવી એક સ્થિતિ કે જેમાં મદ અથવા માનને વાસ્તે પ્રસંગો હોય છે, તે સ્થિતિ અર્ધદગ્ધની છે. જે અજ્ઞાની છે, તેને મદ કરવાનું કારણ નથી, કારણ કે તે શાનો મદ કરે? તેમજ સંપૂર્ણ જ્ઞાની છે, તેને પણ મદનો અવકાશ નથી; કારણ કે તે મનુષ્ય તો જ્ઞાનને આત્માના ગુણરૂપ જાણે છે

અને અનુભવે છે. પણ સંપૂર્ણ જ્ઞાન સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં એવી એક સ્થિતિ આવે છે કે જે સમયે મનુષ્ય પોતાના અલ્પ જ્ઞાનને સંપૂર્ણ જ્ઞાનરૂપ માનવા દોરાય છે, અને બીજાને પોતાથી હલકા માની તેમની અવગણના કરે છે; તે સમયે બીજાનો ઉપદેશ તે ગ્રહણ કરી શકતો નથી, અને મદોન્મત્તપણે વર્તે છે. પોતાને શંકા પડે તો તેનું સમાધાન મેળવવા અન્યજન આગળ તે શંકા કહી શકતો નથી; કારણ કે શંકા જણાવે તો તેના માની લીધેલા સર્વજ્ઞપણામાં દૂષણ આવે. આ સંબંધમાં પ્રખ્યાત ગ્રન્થકાર શેકસ્પીઅર લખે છે કે--

તે ઉપર વિદ્વાનોના અભિપ્રાયો.

Little learning is a dangerous thing,
Drink deep or taste not the Piarian spring
Thus shallow draughts intoxicate the brain,
But drinking deeply sobers us again.

અલ્પજ્ઞતા તે ભયંકર વસ્તુ છે, જ્ઞાનરૂપી ઝરાનું પાણી વધારે પીઓ અથવા તે ઝરાનો સ્વાદ પણ કરતા નહિ, કારણ કે તે ઝરાનું થોડું જળ મનુષ્યના મગજને ભ્રમિત કરે છે, પણ વધારે જળ પાછું મગજને ઠેકાણે લાવે છે. તેજ વાતને અનુમોદન આપી સમર્થન કરતો શ્રી ભર્તૃહરિ પણ જણાવે છે કે--

यदा किंचिज्ज्ञोऽहं द्वीप इव मदान्धः समभवम् ।
तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः ॥
यदा किंचित् किंचिद् बुधजनसकाशादवगतं ।
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥ ४ ॥

જ્યારે હું કાંઇક જાણતો થયો, ત્યારે હાથીની માફક મદાન્ધ થયો; ત્યારે હું સર્વજ્ઞ છું એમ મારા મનમાં મદ થયો. જ્યારે વિદ્વાનો પાસેથી કાંઇક વધારે જાણતો થયો, ત્યારે હું મૂર્ખ છું એમ જણાયું અને જ્વર (તાવ) ની માફક મારો દર્પ જતો રહ્યો, માટે જ્ઞાનની પૂર્ણાવસ્થા પમાય, તે પ્હેલા આ દશામાં ન પડાય તે સારૂ સર્વજ્ઞાનાકાંક્ષીઓએ જ્ઞાનની સાથે નમ્રતા રાખવી જોઇએ. રાજકવિ ટેનીશન પણ તેજ સિદ્ધાન્તની સત્યતાને પૂરવાર કરતો લખે છે કેઃ—

Let knowledge grow from more to more
But more of reverence in us dwell.

ભલે જ્ઞાન વધારે ને વધારે આપણે મેળવીએ, પણ તેની સાથે આપણા હૃદયમાં નમ્રતા—પૂજ્યભાવ પણ વધવો જોઇએ. ટેનીસનની આ ઉક્તિ દરેક જ્ઞાનાભિલાષીએ હૃદયમાં કોતરી રાખવાની જરૂર છે, કારણકે દરેક પ્રકારના મદનો સંહાર કરનાર જ્ઞાન છે, પણ જે સમયે જ્ઞાનનો મદ થયો, તે સમયે તેનું ઔષધ ક્યાંથી લાવવું તે વિચારવા જેવો પ્રશ્ન છે. સદ્ગુરૂની કૃપા શિવાય તે મદ ઉતરેજ નહિ. ગૌતમ આદિ અગીઆર ભાઇયોને ગણધરો થવા પહેલાં આજ પ્રકારના જ્ઞાનના મદનું વિષ રૂવે રૂવે વ્યાપી ગયું હતું. પરમકૃપાળુ શ્રી વીરપ્રભુનો તેમના પુણ્યોદયથી સમાગમ ન થયો હોતતો, નિશ્ચિત તેઓ પોતાના માની લીધેલા સર્વજ્ઞપણાના ઘેનમાં વિનાશ પામત; માટે જેમ જેમ જ્ઞાન વધે, તેમ તેમ નમ્રતા વધારે રાખવી.

ના નાશનો ઉપાય.

વિદ્યા વિનયેન શોભતે વિદ્યા વિનયથી શોભેછે. જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનારે શિષ્યવૃત્તિ રાખવી, બાળક પાસેથી પણ સદ્બોધ ગ્રહણ કરતાં જરાપણ શરમાવું નહિ; અને સર્વથા લઘુતા રાખવી. કહ્યું છે કેઃ—

લઘુતાઇમેં પ્રભુતાઇ હે, પ્રભુતાઇસે પ્રભુ દૂર.
કીડી હો મીસરી ચુગે, ગજશીર ડારે ધુલ.

પૂજ્ય પુરૂષો પ્રતિ ભક્તિ રાખવાથી, અને તેમના ગુણોની મહત્તાનો વિચાર કરવાથી, માનવૃત્તિ નાશ પામે છે તમારાથી ઉચ્ચ પુરૂષો તરફ નજર કરો, એટલે તમારી ખરી સ્થિતિનું તમને ભાન આવશે. અને તમારામાં જે જ્ઞાન અથવા ગુણ નહિ હોય તે મેળવવા પ્રયાસ કરવા તમારી રૂચિ થશે.

જ્ઞાનનાં સાધનો.

જ્ઞાન મેળવવાનાં સાધનો—દરેક મનુષ્ય, દરેક પદાર્થ, દરેક પ્રસંગ, જો આપણે લાભ લેવા ઈચ્છા રાખીએ તો, આપણને કોઇપણ પ્રકારનો બોધ આપી આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરેછે; પણ આ સ્થળે જ્ઞાન મેળવવાના સાધનોમાં પુસ્તકો, સત્સમાગમ, ગુરૂ, દેશાટણ, અને જૂદા જૂદા પ્રસંગોને મુખ્ય ગણી તેપર વિવેચન કરીશું.

પુસ્તકોરૂપી શિક્ષકો.

પુસ્તકો તે મહાન્ પુરૂષોના સ્થાયીરૂપે થયેલા વિચારો છે. કાળ ક્રમમાં સર્વ વિનાશ પામેછે. તે નિયમાનુસાર મોટા મોટા ગ્રન્થકારો જે પોતાની હયાતિમાં ગમે તેવા વાદીનો દર્પ ઉતારવા સમર્થ હતા, તે મરણને શરણ થયા; પણ તેમણે આપેલો ઉપદેશ તથા જ્ઞાન તેમના રચેલા ગ્રન્થોમાં સમાએલા છે. પૂર્વના મહાન્ પુરૂષો પુસ્તકોરૂપી અમૂલ્ય વારસો આપી ગયા છે, જે વારસાનો સદુપયોગ કરવો એજ આપણી ઉત્તમોત્તમ અને પવિત્ર ફરજ છે. તે વારસા વિષે એક ગ્રન્થકાર લખે છે કેઃ—" These are the masters, who instruct us without rods or ferules, without hard words

and anger, without clothes or money. If you approach them, they are not asleep; if investigating you interrogate them, they conceal nothing; if you mistake them, they never grumble, if you are ignorant, they cannot laugh at you" "ગ્રન્થો એ મોટામાં મોટા શિક્ષકો છે. તેઓ સોટી અથવા ચાબકો માર્યા શિવાય, ક્રોધ અથવા સખ્ત શબ્દનો ઉપયોગ કર્યા શિવાય, પૈસા અથવા વસ્ત્ર લીધા શિવાય, આપણને ઉપદેશ આપે છે. જો તમે તેમની પાસે જાઓ તો તેઓ, કદાપિ અન્ય શિક્ષકો માફક, ઉંઘતા માલૂમ તમને નહિ પડે. જો તમે શોધ કરતાં તેમને પૂછો તો તેઓ તમારાથી કાંઇપણ બાબત છાની રાખશે નહિ. જો તમે ભૂલ કરો તો તેઓ કદાપિ બડબડશે નહિ. જો તમે જ્ઞાન રહિત હશો તોપણ તેઓ તમને હસી કાઢશે નહિ."

સીસીરો નામનો ઇટાલીનો વિદ્વાન્ જણાવે છે કે, "A room without books, is a body without a soul." "પુસ્તક વગરનો ઓરડો તે આત્મા વગરના શરીર જેવો છે." માટે તેના વિચાર પ્રમાણે દરેક સ્થળે પુસ્તકો મળવા જોઇએ. વળી એક અન્ય ગ્રન્થકાર લખે છે કે "દેશને સારૂ મરનાર શૂરવીરોના રૂધિર કરતાં વિદ્વાનોએ પુસ્તકો લખવામાં વાપરેલી રૂશનાઇ વધારે કીમતી છે." કારણકે દેશને સારૂ એક મનુષ્ય મરે તેનાથી દેશને જેટલો ફાયદો થાય છે, તેના કરતાં એક ખરેખરા વિદ્વાનના હસ્તથી લખાયેલા પુસ્તકથી અનંતગણો લાભ થાય છે. પુસ્તકોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે; તોપણ એક મહાશયના વિચાર જણાવવાની જરૂર છે કે:—

Books make a young man old without wrinkles or gray hairs, priviledging him with the experience of age without either the infirmities or inconvenience thereof. પુસ્તકો જુવાનને કપાળની કરચોળીઓ અથવા ધોળા વાળ શિવાય અનુભવવૃદ્ધ બનાવે છે. વૃદ્ધપણાની અશકિત અથવા અગવડતા શિવાય મનુષ્યને વૃદ્ધે મેળવેલો અનુભવ આપે છે.

ટુંકમાં કહીયે તો સારા ગ્રન્થોનું પુસ્તકાલય સર્વ પ્રકારની ધન સંપત્તિ કરતાં વધારે કીમતી છે, અને જગતનો કોઇપણ પદાર્થ સરખામણીમાં તેની સાથે ટકી શકે તેમ નથી. તે માટે કોઇપણ મનુષ્ય જે સત્યનો સુખનો, જ્ઞાનનો, શાસ્ત્રનો અને છેવટે ધર્મનો ચુસ્ત ભક્ત હોવાનું ગુમાન ધરાવતો હોય, તેણે પુસ્તકોના ભક્ત થવું એ આવશ્યક છે.

અસલ એવો વખત હતો કે પુસ્તક મળવાં મુસ્કેલ થઇ પડતાં;

પુસ્તકોની પસંદગી.

હાલમાં મુદ્રણકળાની શોધને લીધે પુસ્તકો એટલાં સસ્તાં અને જથાબંધ દરરોજ બહાર પડે છે કે તેમાંથી કયું વાંચવાને સારૂ પસંદ કરવું તે કામ હવે મુસ્કેલ લાગે છે. આવી ગુંચવણનો નીવેડો લાવતાં આર્યશાસ્ત્રકાર લખે છે કેઃ—

अनन्तपारं किल शब्दशास्त्रं ।
स्वल्पं तथायुर्बहवश्च विघ्नाः ॥
सारं ततो ग्राह्यमपास्य फल्गु ।
हंसैर्यथा क्षीरमिवाम्बुमध्यात् ॥ ९ ॥

શબ્દ શાસ્ત્રનો પાર આવે તેમ નથી. આયુષ્ય સ્વલ્પ છે, અને તેમાં વિઘ્ન અનેક છે. માટે જેવી રીતે હંસ જળમાંથી ક્ષીર (દૂધ) ને ગ્રહણ કરે છે તે પ્રમાણે નિરૂપયોગી ગ્રન્થોનો ત્યાગ કરી, સારભૂત ગ્રહણ કરવા. જે મનુષ્યો ઉત્તમ પ્રકારનું જ્ઞાન મેળવવા ઇચ્છા રાખતા હોય, તેમણે જે પુસ્તકોમાં આત્માના નિત્યગુણને લાભકારી બાબતોનું વર્ણન કરેલું હોય, જે પુસ્તકો પ્રાકૃત જીવનને ઉચ્ચ બનાવવાના ઉત્તમ કાર્યમાં સહાયભૂત થાય એમ લાગતું હોય, તેવા ગ્રન્થો વાંચવા. કેટલાક ગ્રન્થો પ્રેય વસ્તુ તરફ દોરનારા છે અને કેટલાક શ્રેય તરફ તેમના ભક્તને લેઇ જાય છે. પ્રેયના સાધકો સાંસારિક ભોગના સાધનો મેળવવા આગ્રહથી પ્રયત્ન કરતા જણાય છે. મનુષ્યનો મોટો ભાગ આવા પુસ્તકો વાંચવા તરફ રૂચી બતાવતો દેખાય છે. પણ શ્રેય સાધકો છે, જેઓ અધ્યાત્મિક ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા ઇચ્છા રાખે છે, તેઓ તો એવા ગ્રન્થો વાંચે છે, મનન કરે છે, કે જેથી કરી તેમના વિચાર ઉન્નત થાય, અને આ જગતમાં પોતાનું કર્તવ્યકર્મ નિઃસ્પૃહતાથી કરી શકાય. સામાન્ય જ્ઞાનનો હેતુ પણ આચાર સુધરવાનો છે, પણ તત્ત્વ વિચારના ગ્રન્થો તો ઉચ્ચ ભૂમિકાએ લેઇ જાય છે. તેવા પુસ્તકો વાંચવાથી–શ્રવણ કરવાથી આપણું જ્ઞાન વૃદ્ધિ પામે છે. ચાણક્ય નીતિશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

જ્ઞાનની પ્રાપ્તિની જરૂર.

वलीपलितकायेऽपि कर्तव्यः श्रुतसंग्रहः ।
न तत्र धनिनो यान्ति यत्र यान्ति बहुश्रुताः ॥६॥
श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षं च गच्छति ॥ ७ ॥

पदं पदार्द्धं पादं वा आहरेच्च सुभाषितम् ॥
मूर्खोऽपि प्राज्ञतां याति नदीभिः सागरो यथा ॥८॥

ચામડીમાં કરચોળી પડી હોય, અથવા ધોળા વાળ આવ્યા હોય, તો પણ જ્ઞાનનો સંગ્રહ કરવો; જ્યાં જ્ઞાની જાય છે ત્યાં ધનવાનને સારૂ ગતિ નથી. શ્રવણ કરવાથી ધર્મ જણાય છે, દુર્મતિનો ત્યાગ થાય છે, જ્ઞાન પમાય છે, અને મોક્ષ પણ મળી શકે છે. સારા વચનનું (સુભાષિતનું) એકપદ, અરધુંપદ અથવા પદનો ચોથો ભાગ પણ ગ્રહણ કરતો રહે તો જેમ સમુદ્ર નદીઓને લીધે વિશાળ બને છે તેમ મૂર્ખ પણ જ્ઞાની બને છે.

હવે પુસ્તકો કેવી રીતે વાંચવા કે જેથી કરીને આપણને તેના કર્તાના રહસ્યનું જ્ઞાન થાય, અને તે સાથે આપણી માનસિક શક્તિઓ પણ ખીલે અને આપણે તે જ્ઞાનને આપણું પોતાનું બનાવી શકીએ.

કેવી રીતે વાંચવું?

સર્વ પુસ્તકો એકસરખાં હોતાં નથી. કેટલાક પુસ્તકોમાં કોઈ પણ બાબતની ખબર આપેલી હોય છે. તેવા પુસ્તકો તો કેવળ વાંચી જવાની જરૂર છે. પણ ધર્મ ગ્રન્થો છે, તે ઉપરટપકે વાંચવાથી તેમનો ભાવાર્થ બરોબર રીતે સમજાય તેમ નથી. તેવા ગ્રન્થો વાંચવાને સામાન્ય મનુષ્યથી અજ્ઞાત, પણ દરેક મહાન્ પુરૂષના ગ્રન્થો વાંચતાં ખરેખર ઉપયોગનો બીજો માર્ગ છે. અભ્યાસને વાસ્તે એક પુસ્તક લેવું, તેમાંથી એક શ્લોક અથવા થોડી લીટીઓ વાંચવી, પછી પુસ્તક વેગળું મૂકી વિચારવું કે મેં શું વાંચ્યું? તેમાં શું લખેલું હતું? લખનારનો ભાવાર્થ શો હશે? અમુક શબ્દ આ ઠેકાણે શા સારૂ મૂકયો હશે? આવો વિચાર બીજે કોઇ સ્થળે મારા વાંચવામાં આવ્યો છે કે કેમ?

અને તે વિચાર અને આ વિચાર કેટલે અંશે સમાન અને કેટલે અંશે વિરોધી છે? અને તે બન્નેમાં સત્ય ક્યાં રહેલું છે? આ ગ્રન્થકાર આગળ જણાવેલી બાબતોપરથી અનુમાન કેવી રીતે કરે છે? તે અનુમાન બુદ્ધિગમ્ય અને સત્ય છે કે તેની અંદર દોષ છે? આપણું હૃદય તે વાત કબુલ કરે છે કે કેમ? આ આદિ બીજા અનેક પ્રકારે તે શ્લોક અથવા લીટીઓ વાંચતાં જેટલી મીનિટ થઇ હોય, તેટલા કલાક વિચાર મનન-કરવું એવું એક વિદ્વાન્ જણાવે છે. આપણાથી તે ન બને તો, તેટલી મીનિટ સુધી પણ વિચાર કરવો. આમ વાંચવાથી તે બાબતનું યથાર્થ જ્ઞાન થશે, તેમજ તે સંબંધી કેટલીક બાબતો જે ઉતાવળથી વાંચવાથી કોઇપણ વખત તમારી દૃષ્ટિ આગળ નહિ આવેલી તે પણ ધીમેથી વાંચવાથી જણાશે. અને તેથી કરી જ્ઞાનની વૃદ્ધિ સાથે હૃદયમાં આનન્દ પણ થશે. આ માર્ગ પ્રથમ જરા મુસ્કેલ લાગશે. આમ વાંચતાં તમને વખત વધારે જતો લાગશે, પણ ખરી રીતે જોતાં આ માર્ગ સૌથી ઉત્તમ છે, અને એકંદર જોતાં આવી રીતે વાંચતાં વખત ઓછો જશે, કારણકે જે વિદ્યાર્થીઓ ઉતાવળથી વાંચી જાય છે, તેમને બીજી વખત પણ તેનો તે ભાગ વાંચતાં તેટલોજ વખત જાય છે, પણ આપણે ઉપર જણાવ્યું તેવી રીતે વાંચનાર મનુષ્યના હૃદયમાં તો તે ઉપર વિચાર કરવાથી તે વાત રમી રહેલી છે. માટે બીજી વખત તો તે ઉપર, દૃષ્ટિ ફેરવવાથી સઘળો વિષય તેના મન આગળ તે જોઇ શકે છે. ધર્મશાસ્ત્રોમાં પણ ધર્મનું જ્ઞાન મેળવવાનો આજ માર્ગ બતાવેલો છે. પ્રથમ શ્રવણ, બીજું મનન અને ત્રીજું નિદિધ્યાસન; શ્રવણ એટલે સાંભળવું તે, બીજું મનન, એટલે સાંભળી અથવા વાંચેલી વસ્તુ ઉપર વિચાર કરવો તે; વારંવાર તેનું રટણ કરવાથી તેને પોતાના

મનના એક ભાગરૂપ બનાવી દેવું તે, અર્થાત્ તેની સાથે તન્મય થઇ જવું તેનું નામ નિદિધ્યાસન; માટે વાંચી અને તે ઉપર વિચાર કરવો, વિચાર કરવો એટલુંજ નહિ પણ તે વસ્તુનું ખરૂં સ્વરૂપ શું છે, તે સમજતાં શિખવું. આવી રીતે જો મનુષ્ય એક બે મોટા ગ્રન્થકારના કેટલાક પુસ્તકો વાંચે તો તે પણ ખરેખરો વિદ્વાન્ નિવડે, કારણ કે આવી રીતે વાંચવાથી મનની સઘળી શક્તિઓ ખીલે છે. વસ્તુઓ બરોબર સમજાયાથી, મગજને તસ્દી આપ્યા સિવાય સ્વયમેવ યાદ રહે છે, એકાગ્રતા વધે છે, તેમજ ધીરજનો ગુણ પણ ખીલે છે; કારણકે આવી રીતે વાંચતાં વંચાય થોડું, માટે ધીરજ હોય તો મનુષ્ય આગળ વધી શકે. પણ ધીરજનાં ફળ મીઠાં છે. આવી રીતે વાંચવાથી તે પુસ્તકનું યથાર્થ જ્ઞાન મળે છે. ગ્રન્થકારનો ભાવાર્થ સમજાય છે. મહાન પુરૂષે જો તે ગ્રંથ લખેલો હોય તો તે વાંચતાં ઉમદા વિચારો આપણા હૃદયમાં જન્મ પામે છે, અને આ પ્રમાણે વાંચી અને વિચાર કરવાથી અનેક લાભ થાય છે.

હવે જ્ઞાન મેળવવાનો બીજો માર્ગ ગુરૂ છે. તેનો વિચાર કરીશું.

સદ્ગુરૂ.–જ્ઞાનપ્રાપ્તિનો બીજો માર્ગ.

શિક્ષક પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધનો આર્ય દેશમાં પ્રચલિત છે. ધન આપીને, વિદ્યા શીખવીને, અને ગુરૂની સેવા કરવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે. આ ત્રણ રીતિઓ અનુક્રમે અધમ, મધ્યમ, અને ઉત્તમ છે. પૈસા આપીને વિદ્યા શીખવાનો જે રિવાજ હાલમાં પ્રચલિત છે, તે સૌથી કનિષ્ટ છે. ગુરૂ અને શિષ્ય વચ્ચે જે સ્નેહ હોવો જોઇએ તે આ રીતથી રહેતો નથી. ગુરૂઓ–શિક્ષકો વિદ્યાદાન દેવામાં ઉત્તમ ધર્મ રહેલો છે તે સમજતા નથી,

વિદ્યા મેળવવાના ત્રણ માર્ગ.

પૈસા આપી વિદ્યા મેળવતા હોવાથી શિક્ષક પ્રતિ જે પૂજ્યભાવ આભારની લાગણી હોવી જોઇએ તે શિષ્યોમાં પણ માલૂમ પડતી નથી. અને જ્યાં સંબંધ આવો ત્યાં વિદ્યાવૃદ્ધિ સાથે ખીલતા ઉચ્ચ ગુણો જણાતા નથી. વિદ્યા આપીને વિદ્યા શીખવી એ મધ્યમ માર્ગ છે પણ શિષ્યો વિદ્વાન્ હોતા નથી, કે તેઓ શિક્ષકોને જ્ઞાન આપી શકે. માટે પ્રાચીન સમયનો ગુરૂપાદ શુશ્રૂષાના નામથી પ્રસિદ્ધ થએલો ઉત્તમ માર્ગ

ગુરૂકૃપાદ્વારા જ્ઞાનનો લાભ.

સર્વથા શ્રેયકારી થાય; જે ખરૂં જ્ઞાન છે, જે જ્ઞાનની ખરી કુંચી છે, તે ગુરૂકૃપા સિવાય પ્રાપ્ત થતાં નથી, માટે ગુરૂની સેવા કરવી, અને સર્વથા તેમનો વિનય કરવો. ગુરૂને સન્માન આપ્યા સિવાય જ્ઞાન સિદ્ધ થતું નથી. તે ઉપર જૈન સાહિત્યમાં શ્રેણિક રાજાની કથા વિચારવા યોગ્ય છે.

તે ઉપર શ્રેણિક રાજાનું દ્રષ્ટાંત.

મહાવીર પ્રભુના સમયમાં, શ્રેણિક નામે પરમ જૈન રાજા રાજગૃહીમાં રહેતો હતો. તેને ચેલણા નામે રાણી, અને અભયકુમાર નામનો વિદ્યાનિપુણ અને બુદ્ધિશાળી પુત્ર હતો. તે નગરમાં એક વિદ્યાસિદ્ધ માતંગપતિ (ચાંડાળ) રહેતો હતો. તેની પત્ની ગર્ભવન્તી હોવાથી એકદા આમ્રફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો. તેથી તે સ્ત્રીએ પતિને કહ્યું, 'હે નાથ! મને આમ્રફળ લાવી આપો અને મારી ઇચ્છા પૂર્ણ કરો.' 'આજ અકાળે આમ્રફળ ક્યાંથી મળે માટે હે મૂઢ સ્ત્રી! તેવી ઇચ્છાનો ત્યાગ કર.' સ્ત્રીએ પ્રત્યુત્તર આપ્યો આજે ચેલણા રાણીના ઉદ્યાનમાં મેં આમ્રવૃક્ષો પ્રફુલ્લિત જોયા છે. આ શ્રવણ કરી તે માતંગપતિ ચેલણાના ઉદ્યાન સમીપ આવ્યો. ત્યાં આમ્રવૃક્ષો સદા ફળતા હતા પણ ઘણા ઉંચા હતા. રાત્રે ત્યાં

આવી અવનામની વિદ્યાથી આમ્રશાખાને નમાવી તે વિદ્યાસિદ્ધ ચાંડાળે સ્વેચ્છાથી આમ્રફળો તોડીને ગ્રહણ કર્યાં. પ્રાતઃકાળે રાણી ચેલણાએ તોડેલા આમ્રફળવાળી તે વાટિકા ભ્રષ્ટ ચિત્રોવાળી ચિત્ર-શાળાની માફક અપ્રીતિ આપતી જોઇ. આ વાત રાજાને નિવેદન કરવામાં આવી. રાજાએ અભયકુમારને બોલાવી આજ્ઞા આપી કે જેના પગનો સંચાર જોવામાં આવતો નથી, તેવા આ આમ્રફળના ચોરને શોધી લાવ. જે ચોરની આવી અમાનુષી શક્તિ છે તે કોઇ દિવસ અંતઃપૂરમાં પણ પ્રવેશ કરી શકે, માટે તેને શોધવાનો સત્વર પ્રયાસ કરવાની જરૂર છે. તે દિવસથી અભયકુમારે અનેક યુક્તિઓ વડે તે ચોરને શોધવાનો પુરૂષાર્થ આદર્યો. પણ તેમાં તે નિષ્ફળ થયો. તે પછી જ્યાં ઘણા પુરૂષો એકઠા થયા હતા ત્યાં જઈ એક વાર્તા કહી અને તેમાં દુષ્કર કાર્ય કોણે કર્યું, તેમ પૂછતાં તે ચોરેજ જવાબ આપ્યો કે, ખરૂં મહત્ત્વનું કામ તો ચોરેજ કર્યું. આ ઉત્તર આપવાથી તેને ચોર તરીકે પકડયો, અને આમ્રફળની ચોરી શી રીતે કરી તે પૂછતાં તેણે જણાવ્યું કે વિદ્યાના બળથી તે કામ તે કરી શકતો હતો.

અભયકુમારે સર્વ વૃત્તાન્ત રાજાને નિવેદન કર્યો, અને ચોરને લાવી રાજાની સન્મુખ ખડો કર્યો. શ્રેણિકે કહ્યું કે બીજો ચોર હોય તો પણ તેની ઉપેક્ષા થતી નથી માટે આ ચોર તો શકિતવાન છે તેથી તેનો નિઃસંદેહ નિગ્રહ કરવો. અભયકુમારે નિષ્કપટપણે પ્રાર્થનાપૂ-ર્વક વિજ્ઞપ્તિ કરી કે હે દેવ! આ ચતુર ચોર પાસેથી પ્રથમ વિદ્યા મેળવી, પછી જે યોગ્ય હોય તે કરજો. પછી મગધપતિ શ્રેણિક રા-જાએ તે માતંગપતિને પોતાની સામે બેસાડી તેના મુખથી વિદ્યા ભણવાનો પ્રારંભ કર્યો. પરંતુ તે સમયે શ્રેણિક રાજા સિંહાસનપર

બેઠો હતો અને તે ચોર જમીન પર બેઠો હતો; આ પ્રમાણે ગુરૂનું અપમાન થયું, ગુરૂનો વિનય જળવાયો નહિ, તેથી કરી રાજાના હૃદયમાં વિદ્યા સ્થિર થઈ નહિ. જેથી રાજાએ તેનો તિરસ્કાર કર્યો અને તારા હૃદયમાં કોઈ પણ પ્રકારનું કપટ છે એમ કહ્યું. તે સમયે અભયકુમારે જે વાક્યોનો ઉચ્ચાર કર્યો હતો તે ખરેખર દરેક જ્ઞાનાભિલાષીએ હૃદયમાં રાખવાં જોઇએ. તેમણે કહ્યું કે, હે દેવ! આ સમયે એ તમારો વિદ્યા ગુરૂ છે, અને જેઓ ગુરૂનો વિનય કરે છે તેનેજ વિદ્યા સ્ફુરે છે, અને અન્યને તે પ્રાપ્ત થતી નથી. તે કારણથી આ માતંગપતિને તમારા સિંહાસન પર બેસાડો, અને તમે અંજલિ જોડીને સામે પૃથ્વીપર બેસો. એટલે વિદ્યા આવડશે. કહ્યું છે કેઃ—

विनयेन गुरोस्तोषः सम्यग् ज्ञानं ततो भवेत्

વિનયથી ગુરૂ સન્તુષ્ટ થાય છે, અને પછી જે બોધ આપે છે તે શિષ્યના હૃદયમાં સમ્યગ્ જ્ઞાનરૂપે પરિણમે છે."

અભયકુમારનો આ ઉપદેશભરેલો બોધ સાંભળી રાજાએ તે પ્રમાણે કર્યું, કારણ કે નીચથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી એ નીતિનો પ્રાચીન નિયમ છે. અને તત્ક્ષણ દર્પણમાં પ્રતિબિમ્બની માફક ઉન્નામની અને અવનામની નામની બે વિદ્યાઓ રાજાના હૃદયમાં વસી ગઇ. પછી અભયકુમારે બે હાથ જોડી રાજાને વિનંતિ કરી કે આ ચોર આપના ગુરૂપદને લાયક થયો છે માટે તેને મુક્ત કરવો એ ઉચિત છે. તે ધર્મિષ્ઠ રાજાએ પણ તે વચનને માન આપી તે ચોરને છોડી મૂકયો, ગુરૂનો વિનય કરવો તે સંબંધમાં શ્રી ઉમાસ્વાતિ વાચક પ્રશમરતિમાં લખે છે કેઃ—

વિનયનું ફળ.

विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलं श्रुतज्ञानं ॥
ज्ञानस्य फलं विरतिः विरतिफलं चाश्रवनिरोधः ॥ ९ ॥
संवरफलं तपोबलमथतपसो निर्जराफलं दृष्टं ॥
तस्मात्क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ॥ १० ॥
योगनिरोधाद्भवसंततिक्षयः संततिक्षयान्मोक्षः ॥
तस्मात् सर्वेषां कल्याणानां भाजनं विनयः ॥ ११ ॥

અર્થઃ—વિનયનું ફળ ગુરૂસેવા, ગુરૂસેવાનું ફળ શ્રુતજ્ઞાન, જ્ઞાનનું ફળ વિરતિ, વિરતિનું ફળ આશ્રવના ત્યાગરૂપ સંવર, સંવરનું ફળ તપોબળ; તપનું ફળ નિર્જરા; નિર્જરાનું ફળ ક્રિયાની નિવૃત્તિ, તેનું ફળ અયોગિરૂપ ચૌદમું ગુણસ્થાન, તેનું ફળ ભવપરંપરાનો નાશ, અને ભવપરંપરાના નાશથી મોક્ષ. માટે આ સર્વે કલ્યાણપરંપરાનું મુખ્ય કારણ **વિનય** છે.

સામાન્ય વિદ્યા આપનાર ગુરૂનો પણ બદલો સંપૂર્ણ રીતે વળી શકે તેમ નથી; તો પછી જે જ્ઞાન આપણને જન્મ મરણના ચક્રમાંથી મુક્ત કરી આત્મદશા પ્રાપ્ત કરાવવા સમર્થ છે, તેવું જ્ઞાન આપનાર ગુરૂનો બદલો શી રીતે વળે? તે વાળવાનો કોઇ પણ માર્ગ જણાતો નથી. શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી જણાવે છે કેઃ—

સમકિતદાયક ગુરૂતણો પચ્ચુવયાર (પ્રત્યુપકાર) ન થાય
ભવ કોડા કોડી કરે, કરતાં કોટી ઉપાય.

માટે સર્વથા જ્ઞાન આપનાર ગુરૂઓનું ચિંતન કરવું, તેમના ગુણની સ્તુતિ કરવી, અને તેમના પગલે પગલે ચાલી જ્ઞાનમાર્ગમાં આગળ વધ્યા કરવું, એજ જીજ્ઞાસાનું પરમ કર્તવ્ય છે.

આપણને આપણી અજ્ઞાનાવસ્થામાં એક પણ શબ્દ જેણે શીખવ્યો હોય, તેનો ઉપકાર કદાપિ ભૂલવો નહિ.

ગુરૂ પ્રત્યે શિષ્યોની ફરજ.

આપણે હાલમાં ગમે તેટલું વધારે જ્ઞાન ધરાવતા હોઇએ, તોપણ આપણને પ્રતિબોધ આપનાર શિક્ષક મળતાં તેમનું સન્માન કરવું; તે જ્ઞાનનું દેવું વાળવા આપણે સમર્થ નથી, પણ જગતની સ્થિતિ તપાસતાં જણાય છે કેઃ—

द्वावेतावपन्येते नित्यं पूर्वोपकारिणम् ।
आचार्यं शिक्षिताः शिष्याः कृतदाराश्च मातरम् ॥ १२ ॥

ભણેલો વિદ્યાર્થિ ગુરૂનો, અને પરણેલો છોકરો માનો, ગુણ ભુલી જાય છે. પણ દરેક સમજુ પુરૂષે કદાપિ તેમ ન કરવું. કારણકે તેમ કરવાથી ભવિષ્યમાં જ્ઞાનની પ્રાપ્તિ નથી.

જ્ઞાન મેળવવાનો ત્રીજો માર્ગ સત્સમાગમ છે. સન્તસમાગમની એક ઘડી જે આપણને જ્ઞાન અને બોધ આપી,

સત્સમાગમ જ્ઞાન પ્રાપ્તિનો ત્રીજો માર્ગ.

આપણું જીવન કૃત્ય બનાવવા સમર્થ થાય છે, તેવું પ્રબળ સાધન આ જગતમાં બીજું એકપણ નથી. પુસ્તકો આપણને જે અસર કરે, દુનિયાના પ્રસંગો જે અનુભવ આપે, તેના કરતાં પણ સત્સમાગમ વધારે કરી શકે. કારણકે પુસ્તકો અને પ્રસંગો નિર્જીવ વસ્તુઓ છે, પણ સત્પુરૂષો તે ચૈતન્યવાળા છે, અને જડવસ્તુ હૃદયપર અસર કરે, તેના કરતાં પ્રભાવશાળી સંતો વધારે અસર કરે, એ સમજાય તેમ છે. કારણકે સંતપુરૂષોનું ચૈતન્ય આપણા ચૈતન્યને પ્રબળ અસર કરે છે. આત્મા આત્માની વાણી સમજે છે; સંતો પોતાના શુદ્ધ કાર્યથી બીજાને

અનુકરણ કરવાલાયક દ્રષ્ટાન્ત આપે છે. તેઓની ઉપદેશભરી વાણીથી પણ અન્ય પુરૂષોને સન્માર્ગે દોરે છે.

તેઓનું જીવનજ પરમાર્થમાં પસાર થાય છે. તેવા સત્પુરૂષના સમાગમમાં પૂર્ણ ભાગ્યોદય શિવાય આવી શકાય નહિ. કેવળ તેમના આચારો અને ઉપદેશ ઉપર જણાવ્યા પ્રમાણે અસર કરે છે, એટલુંજ નહિ પણ તેઓના શુદ્ધ વિચારો પણ આપણા મલીન વિચારોને દૂર કરી આપણા હૃદયમાં પવિત્ર વિચારોને જન્મ આપે છે, અને મુખેથી બોલ્યા શિવાય પણ આપણી અનેક શંકાઓનું પોતાની આત્મ શકિતવડે સમાધાન કરી શકે.છે કહ્યું છે કે **गुरवस्तु मौनव्याख्याना: शिष्यास्तु छिन्न संशया:** ગુરૂઓ મૌન વ્યાખ્યાન કરે છે અને શિષ્યોના સંશયો-શંકાઓ દૂર થઈ જાય છે. આવો ગુરૂની આધ્યાત્મિક શકિતનો પ્રભાવ આ જમાનામાં વિચિત્ર ભાસે છે. પણ જેઓએ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરેલો છે તેઓ તો સારી રીતે જાણે છે કે મહાવીર પ્રભુના સમોવસરણમાં દેશના સમયે પશુ પંખી પોતાનો સહજ વિરોધ ટાળી સ્થિરતાથી બેઠા હતા તેનું કારણ ભગવાનની અપૂર્વ આત્માની શુદ્ધ શક્તિ હતી

સંતોના આચાર ઉપદેશ અને પ્રભાવ.

સત્સંગ ઉપર વિદ્વાનોના અભિપ્રાયો

સત્સંગ તે કથિરને સોનું બનાવનાર પારસમાણ કરતાં પણ અધિક છે. સત્સંગના લાભ દર્શાવતાં શ્રી ભર્તૃહરિ જણાવે છે કેઃ—

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥ १३ ॥

સત્સમાગમ બુદ્ધિની જડતાનો નાશ કરે છે, વાણીમાં સત્ય મૂકે છે, માન અને ઉન્નતિનો માર્ગ દર્શાવે છે, પાપનો નાશ કરે છે, મનને નિર્મળ બનાવે છે, અને સર્વ દિશાઓમાં કીર્તિને ફેલાવે છે. સત્સમાગમ માણસને સારૂં શું નથી કરતો તે કહો? અર્થાત્ સત્સમાગમથી સર્વ વસ્તુ સિદ્ધ થાયછે. નિર્જીવ વસ્તુઓ પણ મોટાના સંગથી મોટાઇને પામે છે કહ્યું છે કેઃ—

कीटोऽपि सुमनः संगादारोहति सतां शिरः ॥
अश्मापि याति देवत्वं महद्भिः सुप्रतिष्ठितः ॥ १४ ॥

કીડો પણ પુષ્પના સંગથી સારા પુરૂષોના મસ્તક ઉપર ચઢે છે અને પથ્થર પણ મોટા પુરૂષોથી પ્રતિષ્ઠા પામી દેવ રૂપે પૂજાય છે. જ્યારે કોઇ મનુષ્યને ભાગ્યોદયથી સંતપુરૂષનો સમાગમ થાય છે, ત્યારે તે તેની પ્રીતિ સંપાદન કરવા દોરાય છે અને તેને વિચાર કરતાં જણાય છે કે સંત પ્રીતિ પ્રાપ્ત કરવાનો ઉત્તમ માર્ગ તેને માર્ગે ચાલવામાંજ રહેલો છે. આ પ્રમાણે સત્સમાગમ શુદ્ધ માર્ગે દોરે છે. સત્સમાગમનો કેટલો લાભ છે, તેવા સમયમાં ગાળેલી એક ક્ષણ પણ—સાંભળેલો એક શબ્દ પણ—કેવી હિતકારી અસર કરે છે તેનો ખ્યાલ લાવવાને જો રોહણીયા ચોરનું એક દૃષ્ટાંત નિવેદન કરવામાં આવે તો તે ઉચિતજ ગણાશે.

રોહણી આચારનું દૃષ્ટાંત.

જે સમયમાં મહાવીર પ્રભુ લોકોનું અજ્ઞાન ટાળી, સદ્બોધ આપવાને દેશ વિદેશ વિચરતા હતા, તે સમયમાં રાજગૃહી નગરીની સમીપમાં આવેલી વૈભારગિરિની ગુફામાં લોહખુર નામનો એક ચોર વાસ કરતો હતો. તે ચોર વિદ્યામાં નિપુણ

હોવાથી, અનેક પ્રકારની યુકિત પ્રયુક્તિયો રચી લોકોનું ધન હરતો અને વ્યભિચાર કર્મમાં પણ મગ્ન રહેતો, મૃત્યુસમયે તેણે રૌહિણેય નામના પોતાના જેવાજ આકાર તથા ગુણદોષવાળા પુત્રને અંત સમયે ઉપદેશ આપતાં તે પાળવાની પુત્ર પાસેથી કબુલાત લીધી. તે મરણ પથારીએ પડેલા ચોરે કહ્યું કે "આ દેવતાના રચેલા સમોવસરણમાં બેસીને જે મહાવીર નામના યોગી દેશના આપે છે, તેના ભાષણને તું કોઇવાર સાંભળતો નહિ. અન્ય બાબતમાં તું સ્વેચ્છાએ વર્તજે" આવો ઉપદેશ આપી તે લોહખુર મરણને શરણ થયો.

'બાપ તેવા બેટા' એ ન્યાય પ્રમાણે રોહણીઓ પણ નિરંતર ચોરી કરવા લાગ્યો, અને અનેક મનુષ્યોને ઉપદ્રવ કરવા લાગ્યો, તેવામાં વીર પ્રભુ ત્યાં સમોસર્યા અને ઉચિત દેશના આપવા માંડી. રાજગૃહ તરફ જવા નીકળેલા ચોરના મનમાં આવ્યું કે આ માર્ગે જતાં મહાવીરના વચન સાંભળવા પડશે તેથી પિતાની આજ્ઞાનો ભંગ થશે, અને બીજો માર્ગ નથી ત્યારે શું કરવું? આવો વિચાર કરી કાનમાં આંગળીઓ રાખી તે માર્ગે ગયો. આ પ્રમાણે પ્રતિદિન ગમનાગમન કરતાં એક વખતે સમોવસરણની પાસેજ તેના પગમાં કાંટો વાગ્યો, અને ગાઢ રીતે પગમાં ખુંચી ગયો, એટલે એક પણ પગલું આગળ ભરવાને તે અશક્ત થયો. તેથી કાનમાંથી આંગળી કાઢી તે વતી કાંટો કાઢવા માંડયો. એટલા સમયમાં પ્રભુના શબ્દો તેના શ્રવણમાં પડયા કે "જેના ચરણ પૃથ્વીને અડતા નથી, નેત્ર નિમેષ રહિત હોય છે, પુષ્પમાલા ગ્લાનિ પામતી નથી, અને શરીર પ્રસ્વેદ તથા રજથી રહિત હોય છે, તે દેવ કહેવાય છે." આટલા શબ્દો સાંભળવાથી પણ ઘણો પશ્ચાત્તાપ કરતો તે પોતાના સ્થાને ગયો.

તે નિરંતર ચોરી કરતો તેથી લોકોએ કંટાળીને રાજાને સર્વ વાત નિવેદન કરી. રાજાએ કોટવાળને બોલાવ્યો અને ક્રોધના વચન કહ્યા તે ઉપરથી કોટવાળે તેવા ચોરને પકડવાનું અસામર્થ્ય રાજાને જણાવ્યું. રાજાએ અભયકુમાર ભણી દૃષ્ટિ કરી. તે ઉપરથી અભયકુમારે કોટવાળને ચતુરંગી સેનાને સજ્જ કરવાને અને ચોર શહેરમાં દાખલ થાય તે પછી તે લશ્કરને શહેર ફરતું ફરી વળવાને હુકમ કર્યો. આ પમાણે ઉપાય કરવાથી, પાશમાં હરિણની માફક, નગરમાંથી બહાર ધસતો ચોર પકડાયો. પણ તેની પાસે ચોરીનો મુદ્દો નહિ નીકળવાથી તેનો નિગ્રહ કરવો તે ન્યાય યુક્ત નહિ હોવાથી અભયકુમારે અનેક યુક્તિઓ કરી, પણ તે ચોર છે એમ સિદ્ધ થઇ શક્યું નહિ. તે ઉપરથી એક મોટી યોજના ઘડી કાઢી, તે આ પ્રમાણે હતી. દેવતાના વિમાન જેવા મહામુલ્યવાળા રત્નોથી જડિત સાત માળનો એક મહેલ તૈયાર કરાવ્યો. શોભાથી અપ્સરા જેવી રમણીઓ વડે અલંકૃત થએલો એ ખંડ સ્વર્ગમાંથી પડેલો અમરાવતીનો એક ખંડ હોય તેવો જણાતો હતો. અભયકુમારે તે ચોરને મદ્યપાન કરાવી બેશુદ્ધ કરાવ્યો, અને પછી દેવદુષ્ય વસ્ત્રો પહેરાવી તે મહેલમાં સુશોભિત પલંગપર સુવાર્યો. જ્યારે તેનો મદિરાનો નીસ્સો ઉતરી ગયો ત્યારે તે ચારે બાજુ જોવા લાગ્યો. તો અકસ્માત વિસ્મયકારી અપૂર્વ દિવ્યસંપત્તિ તેના જોવામાં આવી. એ સમયે અભયકુમારની આજ્ઞાથી નરનારીના સમૂહે "જય પામો, જય પામો, આનંદ કરો" એવા મંગળ ધ્વનિપૂર્વક તેના પ્રત્યે કહ્યું "હે ભદ્ર, તમે આ મોટા વિમાનમાં દેવતા થયા છો, તમે અમારા સ્વામી છો, અમે તમારાં કિંકરો છીએ, અમારા અત્રેના નિયમ પ્રમાણે પૂર્વ ભવમાં કયા સુકૃત્ય અથવા દુષ્કૃત્ય તમે કર્યા હતા તે જણાવો, અને અમારી

જીજ્ઞાસા તૃપ્ત કરો." આ ઉપરથી રોહણીઓ ચોર વિચારમાં પડયો. શું આ સત્ય હશે, અથવા મારી કબુલાત વડે પકડવાનો અભયકુમારનો શું આ પ્રપંચ હશે ? પણ હવે તેની ખાતરી શા રીતે કરવી ?" આ પ્રમાણે વિચારતાં કાંટો કાઢતી વખતે સાંભળેલું વીરપ્રભુનું વચન યાદ આવ્યું, અને તે ધોરણથી તપાસતાં લાગ્યું કે આમાં કાંઇ કપટ છે. કારણકે આ સર્વ જનોના ચરણ પૃથ્વીને અડકે છે, તેમના કંઠમાં રહેલી પુષ્પમાળા કરમાયેલી છે, તેમની આંખો સ્થિર રહેતી નથી, અને તેમના શરીરપર પ્રસ્વેદ જણાય છે. આ કપટનો ખ્યાલ આવવાથી "મેં પૂર્વજન્મમાં સુકૃત્યો કર્યાં હતા, તેનું મને આ પરિણામ મળેલું છે," એમ તેણે જણાવ્યું. છડીદારે આ સર્વ અભયકુમારને કહ્યું. આ પ્રમાણે તે નિર્દોષ ઠરવાથી મુક્ત કરવામાં આવ્યો.

આ પછી રોહણીઆએ આ પ્રમાણે વિચાર કર્યો "અહો ! સત્સંગનો મહિમા શીરીતે વર્ણવી શકાય ! જે પ્રભુના અનિચ્છાએ સાંભળેલા એક વચનથી મને આટલો લાભ થયો, તો તેમની ભક્તિ કરી તેમની સુધા તુલ્ય વાણીનું ગ્રહણ કરવાથી કેટલો બધો લાભ થાય ! મેં ચોરના વચનમાં વિશ્વાસ રાખ્યો તેથી હું ઠગાયો, પણ ધન્ય છે એ વીરમહાત્માને ! હવે હું તેમની પાસે જઇ તેમના ઉપદેશાનુસાર વર્તવા તૈયાર થઇશ." આવો નિશ્ચય કરી વીરપ્રભુ પાસે ગયો. શિષ્ય ગુરૂને કહે તેમ પ્રભુની અત્યંત સ્તુતિ કરી. પ્રભુના ઉપદેશથી પોતાના પાપને સારૂ પશ્ચાત્તાપ કરતો યતિવ્રતને સારૂ ઉત્સુક થયો. પછી તેજ સભામાં બેઠેલા શ્રેણીક રાજા સન્મુખ પોતાની સત્ય વાત જણાવી, સર્વ ધન લાવી અર્પ્યું, અને શ્રેણીક રાજાએ કરેલા મહા મહોત્સવ સાથે વીરપ્રભુ પાસે દિક્ષા લીધી, અને અનેક પ્રકારે જ્ઞાન મેળવી તપશ્ચર્યા કરી અંતે સ્વર્ગે ગયો.

મહાન્ પુરૂષના એક વિચનથી આટલો મોટો લાભ થયો તો પછી નિરંતર તેમના સમાગમમાં રહેનારને કેટલું જ્ઞાન, અને બોધ મળતાં હશે તે તો સત્સમાગમ કરનારનાજ અનુભવમાં આવે.

સત્સમાગમની પ્રશંસા કરતો એક કવિ કહે છે કેઃ—

સત્સંગની પ્રશંસા કરીએ તેટલી ઓછી.

संसारविषवृक्षस्य द्वे एव रसवत्फले ॥

काव्यामृतरसस्वादः संगमः सुजनैः सह ॥ १९ ॥

ઝેરી ઝાડ સંસારને, મધુરાં ફળ બે હોય;
કવ્યામૃત રસસ્વાદને સુજન સમાગમ સ્હોય.

માટે જ્ઞાનાભિલાષીઓએ સજ્જનનો સમાગમ મેળવવાનો અમૂલ્ય પ્રસંગ કદાપિ ચુકવો નહિ. એક કવિ તો સદ્ગુરૂનું માહાત્મ્ય બનાવતાં એટલે સુધી જણાવે છે કે.

"પ્રત્યક્ષ સદ્ગુરૂ સમ નહિ પરોક્ષ જીન ઉપકાર."

ભગવાન્ કરતાં પણ હયાત એવા ગુરૂનો વધારે ઉપકાર તે ગણે છે. માટે સંતોને શોધો અને તેમના વચનાનુસાર વર્તો.

સત્સંગ કરવા પ્રવૃત્ત થાઓ.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ॥

ઉઠો! જાગો! શિષ્યો! આચાર્યો— સંતપુરૂષોને પ્રાપ્ત કરી જ્ઞાન મેળવો. તેઓજ ખરેખર જ્ઞાનદાતા ગુરૂઓ છે—તેમની સેવા કરી, તેમની ભક્તિ કરો. તમે તમારૂં સર્વસ્વ સ્વાર્પણ કરીને પણ તેમની પાસેથી શિખો અને તે પ્રમાણે વર્તો.

દેશાટન—જ્ઞાન મેળવવાનો માર્ગ—દેશાટન તેપણ જ્ઞાન મેળવવાનો એક માર્ગ છે. પંચતંત્રમાં કહ્યું છે કેઃ—

દેશાટન-જ્ઞાન પ્રાપ્તિનો ચોથો માર્ગ.

विद्यां वित्तं शिल्पं तावन्नाप्नोति मानवः॥
यावद्व्रजति न भूमौ देशाद्देशान्तरं हृष्टः ॥ १६ ॥

જ્યાંસુધી મનુષ્ય હર્ષથી આ પૃથ્વીપર એક દેશથી બીજે દેશ જતો નથી, અર્થાત્ મુસાફરી કરતો નથી ત્યાં સુધી તે ધન, વિદ્યા અને શિલ્પ સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કરી શકતો નથી. જગત્નું વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત કરવા સારૂ પરદેશ જવાની જરૂર છે. ભણતરની સાથે અનુભવની જરૂર છે. અને તે અનુભવ આપનાર ખરો શિક્ષક પર-દેશગમન છે. મનુષ્યે કૂપમંડુક જેવા નહિ રહેતાં વિવિધ સ્થળોનું અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરવું. કવિ શેકસપીયર લખે છે કેઃ—

અનુભવ જ્ઞાન આપનાર દેશાટન.

Home--keeping youths have ever homely wits. જેઓ ઘર ખૂણે ભરાઇ રહે છે તેઓની બુદ્ધિ પણ તેવી સંકુચિત રહે છે. માટે બુદ્ધિને સતેજ કરવાને અને જ્ઞાન પ્રાપ્ય કરવાને મનુષ્યે ફરવું જોઇએ. મુસાફરીના અનેક ફાયદાને અસલના વખતથી આપણા લોકો ગણતા આવ્યા છે. તે નીચેના શ્લોક ઉપરથી સહેજ સમજાય તેમ છેઃ-

देशाटनं पण्डितमित्रताच वारांगना राजसभाप्रवेशः ॥
अनेकशास्त्राणि विलोकितानि चातुर्यमूलानि भवन्ति पंच ॥१७॥

દેશાટન, પંડિતોની મિત્રતા, વારાંગના, રાજસભા અને અનેક શાસ્ત્રોનું અવલોકન, આ પાંચ ચાતુર્ય મેળવવાનાં સાધન છે. આ પાંચમાં પણ દેશાટન-મુસાફરીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે તે વાસ્ત-

વિકજ છે, કારણ કે દેશાટન કરવાથી ઝાઝું જોવાનું, જૂદા જૂદા મનુષ્યોના પ્રસંગમાં આવ્યાથી નવિન નવિન શીખવાનું તથા મુસાફરીની અંદર આવી પડતી અનેક વિટંબણામાં અક્કલ વાપરી કેવી રીતે નભાવી લેવું, તે જાણવાનું પણ બની આવે છે. પુસ્તકો વાંચવાથી ઘણું જ્ઞાન મળે છે; પણ તેમાં વર્ણવેલું અનુભવજ્ઞાન આપનાર તો દેશાટન જ છે.

અસલના સમયમાં યુરોપમાં મુસાફરીનું માહાત્મ્ય.

*પણ હાલના સમયમાં જ્ઞાન મેળવવાના સાધન તરીકે મુસાફરીનો બહુ ઉપયોગ થતો હોય, એમ જોવામાં તથા જાણવામાં આવતું નથી. સોળમા સત્તરમા તથા અઢારમા સૈકામાં જ્યાં સુધી મનુષ્યે મુસાફરી કરી ન હોય, ત્યાં સુધી યૂરોપમાં તે મનુષ્યે પૂરેપૂરી કેળવણી લીધી છે, તેમ કહી શકાતું નહોતું. તે મુસાફરી યૂરોપના ઘણાખરા દેશોમાં ફરીને કરવામાં આવતી હતી. તે મુસાફરી દર્મિયાન તે યુવક-પ્રવાસી મુખ્ય શહેરોની મુલાકાત લેતો, મુખ્ય રાજ્યદ્વારી પુરૂષો, ઉમરાવો, વિદ્વાનો અને ધર્મગુરૂઓને શોધી કાઢી તેમની ઓળખાણ કરતો, કળા કૌશલ્યના આબેહૂબ નમુના તપાસતો, અને આનંદ આપે તેવા સઘળા પદાર્થો સંબંધી જાણવાજોગ બાબતોનો અભ્યાસ કરતો. આ પ્રમાણે તે યુવકનું મન કેળવાતું, અને ઉદાર થતું. હલકા સાંકડા વિચારો તેના મનમાંથી જડમૂળથી નીકળી જતા, તેની રીતભાત સભ્ય થતી, અને તેના વિચારો પોઢ અને ઉચ્ચ પ્રકારના થતા; મુસાફરીથી આ પ્રમાણે કેળવાએલો અને ઉમદા વિચારનો થઈ પાછો

*સેન્ટ્રલ હિંદુ કાલેજ મેગેઝીન પરથી.

ફરતો, ત્યારે સ્વદેશમાં પ્રતિષ્ઠા પામતો, અને યથાશક્તિ દેશસેવા બજાવવાને યોગ્ય થતો.

ઉમરાવો તથા સદ્‌ગૃહસ્થોના છોકરાઓજ આ પ્રમાણે પ્રવીણતા મેળવતા એમ નહોતું. મધ્યમ વર્ગના લોકો પણ કેટલેક અંશે તેનો લાભ લેવા ભાગ્યશાળી થતા. શિખાઉ કારીગર જ્યારે પોતાનો ધંધો શીખી રહેતો, ત્યારે એક વર્ષ સુધી તેને ફરવા મોકલવામાં આવતો હતો. તે વર્ષની અંદર જ્યાં જ્યાં પોતાના ધંધામાં અતિ પ્રવીણ અને અનુભવી મનુષ્યો રહેતાં હતાં, તે તે દેશ જતો. પોતાના ધંધાને લગતી કોઈપણ યુક્તિ અથવા શોધ માલૂમ પડે તો તે ગ્રહણ કરતો અને આ બાબતમાં તેના ગુરૂએ બતાવેલી પારિભાષિક ભાષા (ટેકનીકલ ટર્મ્સ)ના જ્ઞાનને લીધે પોતાના ધંધા સંબંધી કોઇપણ માણસ પાસેથી જ્ઞાન મેળવતાં, તેને જરા પણ હરકત પડતી નહોતી, અને આ પ્રમાણે દેશાટનથી જોઇતું જ્ઞાન પ્રાપ્ત કરી પોતેજ તે ધંધો લેઈ બેસતો. અને તે શહેરનો એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ તથા વ્યાપારી બનતો.

આર્યાવર્તમાં તીર્થયાત્રા.

આવા આવા કારણોથી યુરોપની અંદર મુસાફરી કરવાનો રિવાજ પ્રચલિત થયેલો છે. પણ હિંદુસ્થાનમાં અસલના સમયમાં જો મુસાફરી કરવાનો રિવાજ હોય તો તે યાત્રાનો પ્રસંગજ હતો. જે સ્થળો પૂજ્ય પુરૂષોના ચરણસ્પર્શથી પવિત્ર થએલાં છે, અને જ્યાં તેમની ભવ્ય મૂર્તિઓ સ્થાપન કરેલી છે, અને જે મુર્તિઓ અત્યારે પણ ખરા ભક્તોને જવાબ દેતી હોય એમ જણાય છે, તેવી મુર્ત્તિવાળા શાંતપ્રદેશમાં યાત્રા નિમિત્તે લોકો સમૂહમાં (ટોળાબંધ) જતા હતા. કારણકે તે સમયે એકલા મુ-

સાફરી કરવી એ કોઇપણ રીતે નિર્ભય નહોતું. યાત્રાના પ્રસગે ચારે પાસે લીલી ઘાસવાળી જમીનમાં, સૃષ્ટિ સૌન્દર્યતાના વિધવિધ દેખાવોમાં, સોનેરી રંગના સરસવના પાકમાં, અને મકઇના ઝૂલતા છોડવામાં થઇ મુસાફરી કરતાં સ્વધર્મી બંધુઓ સાથેની લાંબા વખત સુધી ચાલતી શાંત વાર્તા; ખડકવાળા તથા ટેકરીપરના માર્ગપર ધીમે ધીમે ચઢવું; ડાળીઓને લીધે પથરાએલા ઝાડ નીચે, બ્હાર ધસી આવેલી ખડગ નીચે અથવા ગામડાની અંદર સળગાવેલા દેવતા નજીક બેસી ખાણું ખાવું; દૂરદેશથી આવેલા મનુષ્યો સાથે વાર્તાલાપ કરી મેળવેલી નવી જાણવાજોગ ખબરો; પર્વતમાંથી વહેતા ઝરાની અથવા કૂદકા મારતા દરિયાના મોજા સંભળાય તે જ જગાની સમીપમાં શયન કરવું; લાંબા રેતાળ જંગલોમાં પસાર થતા કોઈ કોઇ સ્થળે મળી આવતા લીલા ઘાસવાળા અને જળમય પ્રદેશને લીધે ઉપજતો આનંદ; અણજાણ્યા મૂલકની જાણવાજોગ બાબતો અને અણજાણી જીંદગીના ક્ષણે ક્ષણે બદલાતા દેખાવો અને પ્રસંગો;—આ સર્વ બાબતો યાત્રાળુને જ્ઞાન આપી તેના અનુભવમાં વધારો કરતા હતા.

તીર્થ યાત્રાના લાભ.

આ સર્વ પ્રસંગો તેને એકલા અસર કરી શકત તેના કરતાં પણ ધાર્મિક લાગણીની પવિત્ર છાયા તેમજ શુદ્ધ આનંદ અને પૂજ્ય બુદ્ધિ જે યાત્રાના પ્રસંગમાં સ્વાભાવિક રીતે મનુષ્યના મનમાં ખીલે છે, તેને લીધે તેઓની વધારે દૃઢ છાપ તેના મનપર પડતી અને જ્યારે તે ગૃહભણી પાછો વળતો, અને સંસાર વ્યવહારમાં જોડાતો, ત્યારે સઘળી પવિત્ર અને વિચિત્ર વસ્તુઓનું સ્મરણ તેના પર એક અદ્દભૂત પ્રકારની અસર કરતું. જ્યારે મનુષ્ય સંસારની

ખટખટમાંથી મુક્ત થઇ યાત્રાએ જતો ત્યારે ભૂતકાળની તેની આશા, નિરાશા, આનંદ, શોક, પ્રીતિ, અપ્રીતિ, સુખ-દુઃખ એ સર્વનો વિચાર કરતાં નિર્જીવ વસ્તુઓ ઉપર તેણે શાસારૂ કાળ ગુમાવ્યો હતો. એ જોઈ આશ્ચર્ય થતું. સ્થાનાન્તર થતાં જીંદગીમાં પડેલા અસહ્ય સંકટ પણ અવાસ્તવિક થતાં જણાય છે; અને આપણે નવી દુનિયામાં આવ્યા હોઇએ તેમ લાગે છે; જેમ સ્થાનાન્તરથી લાભ છે તેમ કાલાન્તરથી પણ છે. જે બનાવો બનતી વખતે આપણને કારી ઘા જેવા લાગતા હતા, તે હૃદયના ઘા સમય જતાં રૂઝાય છે, અને તે ગઇ વાતનું સ્મરણ કરતાં કંપારી સરખી પણ છુટતી નથી.

હાલના સમયમાં મુસાફરી.

અસલના વખતમાં મુસાફરીના ઉપર જણાવેલા લાભ હતા. પણ હાલના સમયમાં તો મનને કેળવે તેવા પ્રકારની મુસાફરી ભાગ્યેજ જોવામાં આવે છે. લોકો રેલ્વે ટ્રેનમાં બેસે છે, અને તેને લીધે જૂદા જૂદા પ્રકારના મનુષ્યના સંબંધમાં આવ્યા શિવાય, જૂદા જૂદા અભિપ્રાય અને વિચારો સાંભળ્યા શિવાય, અને વિવિધ પ્રકારની આનંદદાયક વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યા શિવાય એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેંકવામાં આવ્યા હોય તેમ મુસાફરી કરતા જણાય છે. જે સર્વ લાભ પગરસ્તે જવાથી મળવાનો સંભવ હતો, તે આ પ્રમાણે રેલ્વેટ્રેઇનમાં ઘણીજ ઉતાવળને લીધે તેઓ મેળવવા ભાગ્યશાળી નીવડતા નથી. અને તેથી મુસાફરીને અન્તે પહેલાની માફકજ અજ્ઞાની, સાંકડા વિચારના, અને સ્થાનિક મતાંધતામાં લીન થયેલા માલૂમ પડે છે. ખરી રીતે જોતાં તેઓ મુસાફર નથી, પણ કેવળ ઉતાવળીઆ ચાલનારા છે. આ પ્રમાણે દશ બાર

શહેરની મુસાફરી કરતાં પણ તેઓના જ્ઞાનમાં કોઇ પણ પ્રકારનો વધારો થતો નથી.

મુસાફરીના નામને યોગ્ય નથી.

રેલ્વે ટ્રેઇનના લાભ અનેક છે તે અત્યારે જણાવવાનો પ્રસંગ નથી, પણ એટલું તો નિઃશંસય કહી શકાય કે રેલ્વેની સવડતાએ ખરેખરી કેળવણી આપનારી મુસાફરીનો અંત આણ્યો છે, અને તેને બદલે લોકોને ઉતાવળીઆ, ધીરજ રહીત અને શાન્તિ વગરના બનાવ્યા છે. આખી પૃથ્વીની મુસાફરી કરવા નીકળેલો પ્રવાસી એક હાથમાં 'ગાઇડ બુક' અને બીજા હાથમાં કેમેરા લેઇને કાશી અથવા પ્રયાગ જેવા પ્રાચીન ભવ્ય શહેરમાં જઇને જણાવે છે કે 'આ સ્થળમાં જેટલું સુંદર, ભવ્ય અને આનંદદાયક હોય તે પાંચ સાત મીનીટમાં બતાવો, કારણકે વખત થોડો છે, અને ઝાઝા દેશ હજુ જોવાના છે.' આ પ્રમાણે ઘણી રમ્ય—આકર્ષક આનંદદાયક વસ્તુઓ જોવામાં આવે છે, પણ તે સંબંધી તેનું જ્ઞાન ઉંડું હોતું નથી.

સૃષ્ટિની લાવણ્યતા, શાન્તિ અને સુંદરતા જે ધીરજથી કાર્ય કરનારના આત્મામાં શાન્ત રીતે પ્રવેશ પામી ઉચ્ચ કાર્ય કરવાને પ્રેરે છે, તે સર્વ બાબતોના દ્વાર આવી રીતે મુસાફરી કરનારને સારૂ તો સર્વે રીતે બંધ થઈ જાય છે, એમ કહીએ તો તે કોઈપણ રીતે અયોગ્ય ન ગણાય. તેને સારૂ તો ઉતાવળથી ચાલતી ટ્રેઇનને લીધે આંખમાં આવતી ધુળ, ધુમાડો અને પૈડાનો ખણખણાટ છે. પણ તે કોઇપણ રીતે મુસાફરીના નામને યોગ્ય નથી. માટે જેને સાધન હોય, તથા સગવડ હોય, અને વખતની અનુકૂળતા હોય, તેવા મનુષ્યો પ્રખ્યાત

શહેરોની મુલાકાત લે, અને ઉતાવળ કર્યા શિવાય તે પ્રાચીન શહેરોની ભવ્ય ઈમારતો, અથવા તેના ખંડેરો, અથવા સૃષ્ટિ રમણીયતા જ્યાં દેખાય તેવા પ્રદેશોમાં વિચરે તો તેથી કેળવણી મળે, બુદ્ધિ ખીલે, અનેક પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય, અને વિચાર દીર્ઘદર્શી થાય.

બાહ્ય વસ્તુઓના જ્ઞાનની હદ.

બાહ્ય વસ્તુઓનું જ્ઞાન મેળવવાના આ માર્ગ કથન કરવામાં આવ્યા, તેથી કરી મનુષ્ય વિદ્વાન્ થાય અને જગત્‌માં માન પામે છે. પણ ઉપર જણાવેલા સાધનો વડે પણ સંપૂર્ણ જ્ઞાન ઉત્પન્ન થતું નથી, જે જાણ્યા પછી કાંઈ પણ જાણવાનું ન રહે, જે જાણવાથી આત્મા તૃપ્ત થાય, તે જણાવનાર જ્ઞાન—આધ્યાત્મિક જ્ઞાન—આત્મદર્શન મેળવવાનો માર્ગ રાજયોગ છે. જ્યાં આત્માનું દર્શન થયું, ત્યાં કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી; કારણકે આત્મા જ્ઞાનદર્શન અને ચારિત્રમય છે; આત્મદર્શન થતાં, આત્માના શુદ્ધ જ્યોતિઃ સ્વભાવવડે સર્વ વસ્તુઓ દશ્ય થાય છે; સર્વ પદાર્થો નિર્મળ દર્પણની માફક આત્મામાં પ્રકાશી રહે છે.

જગતમાં એટલું જાણવાનું છે કે મનુષ્ય આખી જીંદગીસુધી પ્રયાસ કરે, તો પણ જ્ઞેય પદાર્થોનો જરા સરખો પણ ભાગ સંપૂર્ણ રીતે જાણી શકવા સમર્થ થતો નથી. માટે એવી શક્તિ પ્રાપ્ત કરવી કે જે દ્વારા જેજે વસ્તુ તરફ ચિત્ત દોરવામાં આવે, તેતે વસ્તુનું યથાર્થ સ્વરૂપ હસ્તામલકવત્ સહજમાં જણાય. તેવી શક્તિ આપનાર રાજયોગ છે, તેજ સમાધિ છે, તેજ અધ્યાત્મજ્ઞાન છે, તેજ આત્મદર્શનનો માર્ગ છે. તેનું ટુંક સ્વરૂપ અત્રે અપ્રાસંગિક નહિ ગણાય.

ઉપર જણાવ્યા પ્રમાણે વસ્તુના બાહ્ય સ્વરૂપના શોધનો પાર આવે એમ નથી. જીવ અંતે થાકે છે, અને શોધમાં હારીને તે જીવ છેક નિરાશ થઈ જાય છે. પછી તેની વૃત્તિઓ અંતમુર્ખ થવા માંડે છે, અને જે આવરણથી આત્મા વેષ્ટિત છે, તે ભેદી તે આત્માની કાંઈક ઝાંખી કરી શકે છે. પરીધના કોઇ ભાગ પર ઉભા રહી તે જોવાથી તે સંપૂર્ણ જણાતો નથી, પણ તેના મધ્યબિન્દુપર રહી જોવાથી તે સંપૂર્ણરીતે જણાય છે. આખા વિશ્વનું મથન કરવાથી પણ બાહ્ય-સૃષ્ટિમાં આત્માનો સાક્ષાત્કાર થતો નથી એમ મનુષ્ય સમજતો થાય છે. માટે મનને અંદરની પાસ વાળે છે, અને તેની સાથેજ વિવેક થાય છે. સત્ શું અને અસત્ શું તે જાણે છે. નિત્ય અને અનિત્ય વચ્ચેનો ભેદ તેની દ્રષ્ટિએ પડે છે. અને જગતની કોઇપણ વસ્તુ તે આત્મા નથી તેમ ધીમે ધીમે અનુભવદ્વારા જાણે છે. વિવેક એ જ્ઞાનની નિસરણીનું પ્રથમ પગથીયું છે. ખરો વિવેક જાગૃત થતાં જણાય છે કે ત્રણ ભુવનમાં એવી એક પણ વસ્તુ નથી કે જે આત્માની હોય. કહ્યું છે કેઃ—

અંતમુર્ખવૃત્તિ.

તેથી ઉપજતો વિવેક.

વિવેકનું સ્વરૂપ.

નિજરૂપા નિજ વસ્તુએ, પરરૂપા પરવસ્ત
જેણે જાણ્યો પેચ એ, તેણે જાણ્યું સમસ્ત.

વળી કર્પુરચંદજી સ્વરોદયમાં લખે છે કેઃ—

વિનાશી પુદ્દગળ દશા અવિનાશી તું આપ
આપોઆપ વિચારતાં મટે પુણ્ય અને પાપ.

આ પ્રમાણે વિવેક જાગૃત થતાં, વૈરાગ્યવૃત્તિ ઉદ્ભવે છે. જગતમાં આત્મા શિવાય મારૂં કોઈ નથી એ વિચાર વૈરાગ્યને પોષણ કરે છે, એથી કરી પદાર્થ માત્રથી તે કંટાળી જાય છે, તેના બાહ્ય સ્વરૂપથી તેને સુખ મળતું નથી અને તેમનાથી દૂર જવાની વૃત્તિ થાય છે. અને જગતના બાહ્ય વિષયનો ત્યાગ કરી, નિર્મળ શાન્ત પ્રદેશ જ્યાં તેની વૃત્તિઓને બાહ્ય ભટકવાનો પ્રસંગ ન આવે, ત્યાં જવા તેનું મન આકર્ષાય છે. ત્યાં પણ પદાર્થ તો રહેલા છે, માટે તે એવા નિશ્ચય ઉપર આવે છે કે અંતર વૈરાગ્ય શિવાય બાહ્ય ત્યાગથી ઝાઝો લાભ નથી. માટે વૈરાગ્ય અનુસાર વર્તન પણ રાખવું. આ પ્રમાણે વૈરાગ્યથી જ્યારે તેનું મન જગતના વિષયોમાં ભટકતું અટકે છે, ત્યારે તેનું મન સ્થિર થાય છે અને તેને સ્વાધીન થાય છે.

વૈરાગ્ય.

આ મનોનિગ્રહને શમ કહે છે. આ પ્રમાણે મન જ્યાં નિગ્રહમાં આવ્યું, એટલે ઇંદ્રિઓ પણ સંયમમાં આવે છે. કારણકે ઇંદ્રિઓની પ્રવૃત્તિ મનપર આધાર રાખે છે. મન વશ થતાં ઇંદ્રિયો વશ થાય એ સ્વાભાવિક છે. મન એ લગામ છે અને ઇંદ્રિયો ઘોડા છે. જે મનુષ્ય ઘોડાને વશ કરવા માગે છે તેણે લગામ હસ્તમાં લેવી જોઇએ, તેમ જે મનુષ્ય ઇંદ્રિયોને વિષયોમાંથી પરાંગમુખ કરવા ઇચ્છા રાખતો હોય તેણે મનને કબજે કરવું. શ્રી આનંદઘનજી પણ કહે છે કેઃ—

શમ

મન સાધ્યું તેણે સઘળુ સાધ્યું; એ વાત નહિ ખોટીજી;
પણ કહે મેં સાધ્યું તે નવિ માનું, એ વાત છે મોટીજી.

કિરાતાર્જુનીયમાં ભારવિ કવિ કહે છે કેઃ—

શરીરની અંદર ઉત્પન્ન થતા દુષ્ટ મનોવિકારો દુર્જય છે. તેમની સામે બહાદુરીથી લડવું જોઇએ. જે તેમના પર જય મેળવે છે તે આખી આલમનો જીતનાર છે.

મનની સ્થિરતાનું પરિણામ.

આ પ્રમાણે મનોનિગ્રહ થવાથી મન શાંત, અને જૂદા જૂદા વિકારો રૂપી કલ્લોલ રહિત સરોવરના સ્થિર જળરૂપ બને છે. અને જેવી રીતે સ્થિર અને શાન્ત જળપર સૂર્યનો પ્રકાશ સંપૂર્ણ રીતે પડે છે, અને સૂર્યનું સમગ્ર પ્રતિબિમ્બ શુદ્ધ જણાઈ આવે છે, તેજ રીતે આત્મજ્યોતિના કિરણો આવા નિર્મલ થયેલા મનપુર બરોબર રીતે દેખાઈ આવે છે.

આત્મશક્તિમાં વિશ્વાસ.

અધ્યાત્મ માર્ગમાં પ્રયાણ કરનારમાં બીજા કેટલાએક ખાસ ગુણોની પણ આવશ્યકતા છે તે ક્રમશઃ અત્રે દર્શાવવામાં આવશે. તે મનુષ્યને પોતાની આત્મ-શક્તિમાં વિશ્વાસ હોવો જોઇએ. આત્મા અનંત શક્તિવાળો છે. જો કે કર્મને લીધે તેનું તેજ ઢંકાઈ ગયું છે, પણ સ્વભાવે તે તેજસ્વી સૂર્ય જેવો છે. સિંહનું બચ્ચું પોતાનું ખરૂં સ્વરૂપ ન સમજતાં બકરાં ભેગું ભલે રમે, પણ જેમ અન્ય સિંહને જોતાં પોતાના સ્વરૂપની પ્રતીતિ થતાં બકરાનો ત્યાગ કરી પોતાની શક્તિ દાખવે છે; તેમ આ આત્મરાજા મોહરૂપી આવરણોથી ઢંકાઈ ગયેલો હોવાથી પોતાનું સામર્થ્ય સમજતો નથી, પણ જ્યારે પરમાત્મપદ પામેલા કોઈ પુરૂષને જુએ છે, અથવા તેવી સ્થિતિવાળા ગુણનું વર્ણન સાંભળે છે ત્યારે પોતાનામાં પણ તેજ પદ પ્રાપ્ત કરવાની શક્તિ સત્તામાં છે તેનો ખ્યાલ

આવે છે અને પુરૂષાર્થ ફોરવી આત્મહિત સાધી શકે છે. સ્વાનુભવ-દર્પણમાં કહ્યું છે કે;—

આત્મા તેજ પરમાત્મા

જીનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ—
એહજ કારણ મોક્ષનું, ધ્યાઇ લ્યો નિરવાણ.
જીન જેવો નિજ આતમા, નિશ્ચય ભેદ ન'રંચ
એજ સાર સિદ્ધાન્તનો, છોડો સઉ પ્રપંચ.

જીનમાં અને જીવમાં કિંચિત્ પણ ભેદ નથી. જીનની શક્તિ વ્યક્ત થઇ છે, અને સામાન્ય જીવની શક્તિ આચ્છાદિત છે, પણ તે સામર્થ્યમાં જરા પણ ન્યૂન નથી. આ વિચાર ઉપર મનન કરવાથી આપણા સામર્થ્યનો—શક્તિનો ખ્યાલ આવે છે, અને તેની સાથે કર્મનો નાશ કરવાને આપણને ઉત્તેજન—ઉત્સાહ મળે છે. માટે જીજ્ઞાસુએ આત્મશક્તિમાં દ્રઢ વિશ્વાસ રાખવો, અને કર્મથી ગભરાવું નહિં. જોકે અત્યારે આપણે કર્મથી વેષ્ટિત છીએ તો પણ આપણું ભવિષ્ય ખરેખર આપણા હાથમાં છે. કહ્યું છે કે:—

अरोऽनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ज्ञानशक्तिप्रभावतः ॥ १८ ॥

વિશ્વને પ્રકાશ કરનાર આત્મા અનન્ત શક્તિવાળો છે, અને જ્ઞાન શક્તિ વડે ત્રણ લોકને ચલાવવા સમર્થ છે, માટે જીજ્ઞાસુએ અનેક અડચણો આવે તે સહન કરીને પણ, સ્વશક્તિમાં વિશ્વાસ રાખી જ્ઞાન-માર્ગમાં પ્રવૃત્તિ કરવી.

વળી બીજો ગુણ કર્મના અચળ નિયમમાં પ્રતીતિનો છે. જે જે

કર્મના નિયમમાં વિશ્વાસ.

બને છે તે તે મહાન્ નિયમ પ્રમાણે બન્યા કરે છે. આપણી હાલની સ્થિતિ, આપણા પૂર્વના વિચારો, વાસનાઓ અને કાર્યોનું પરિણામ છે. અને જે જે બને છે તે સર્વ તેને આધીન છે, પણ આપણું ભવિષ્ય આપણા હાથમાં છે. તેને સુધારવું અથવા બગાડવું તે આપણી સત્તામાં રહેલું છે. પોતેજ પોતાના કર્મનો કર્તા તથા ભોક્તા છે. બીજા તો નિમિત્ત માત્ર છે. આ વિચારથી બીજા પ્રતિ તેને દ્વેષ આવતો નથી. કારણ કે તેતો એક નિમિત્ત કારણ છે. પણ પોતાના સુખદુ:ખનું ઉપાદાન કારણ પોતેજ છે. આ વિચારથી પોતાના પર આવી પડતી આપત્તિઓ સહનશીળતાથી અને ધૈર્યતાથી ખમે છે, અને મનનું સમાધાનપણું જાળવી શકે છે. પોતે ફળની આશા રાખ્યા સિવાય કર્તવ્ય કર્મ બજાવે છે, અને ચિન્તાથી મુક્ત થઇ મનને શુદ્ધ અને નિર્મળ બનાવે છે. આર્ત્ત અને રૌદ્રધ્યાન દૂર થાય છે, અને તેથી રાજયોગના માર્ગને તે ખરેખર યોગ્ય થાય છે. વિશ્વ ભણી દૃષ્ટિ કરતાં એક બાબત આપણને પ્રત્યક્ષ જણાય છે કે સર્વ જીવાત્માઓ એક સ્થિતિમાં નથી જ્ઞાનમાં, ગુણમાં, બુદ્ધિમાં ભેદભાવ

જગતમાં જણાતો ભેદભાવ.

માલૂમ પડે છે. જ્યારે એક બાજુએ હેમચંદ્રાચાર્ય જેવા અનેક શાસ્ત્રોના રહસ્યના વેત્તા માલૂમ પડે છે, ત્યારે બીજી બાજુએ 'બે અને બે ચાર' જેટલું ગણવા પણ અસમર્થ આફ્રિકાના જંગલી મનુષ્યો જણાય છે. એક તરફ સ્થુલિભદ્ર જેવા વિષય વિકારોથી જરા પણ નહિ ડગી સ્થિર ચિત્ત રાખતા દેખાય છે ત્યારે બીજી તરફ વિષયાસક્તિ શિવાય અન્ય વસ્તુનું જેને જ્ઞાન નથી.

તેવા પામર પુરૂષો આપણી નજરે પડે છે. પરોપકારને સારૂ લક્ષ્મી, બુદ્ધિ અને છેવટે સ્વજાતનો પણ ભોગ આપનારા નરરત્નો ક્વચિત્ ક્વચિત્ દેખાવ દે છે. ત્યારે કોઇક સ્થળે 'ચમડી તુટે પણ દમડી ન છુટે' એ કહેવતને સાર્થક કરનારા સ્વાર્થમાંજ લુબ્ધ મનુષ્યો આપણને મળી આવે છે. અત્રે જણાવેલા બે એકદેશીય(extreme) દ્રષ્ટાન્તની સાથે મધ્ય વર્ગના પણ દૃષ્ટિએ પડયા વિના રહેતા નથી.

તેથી કરી વિચાર પદ્ધતિમાં મતભેદ.

આ ભેદભાવ ઉપરથી આપણને જણાય છે કે મનુષ્યજાતિ એક સ્થિતિમાં નથી. જૂદા જૂદા આત્માઓ ઉન્નતિ ક્રમના વિવિધ પગથીયા પર ઉભેલા છે, અને તેથી કરીને દરેકની વિચાર કરવાની પદ્ધતિ આપણા સરખીજ હોય તે બનવું અસંભવિત લાગે છે. એકની એક વસ્તુ જૂદા જૂદા રંગના ચશ્માદ્વારા જોતાં જૂદા જૂદા રંગની લાગે છે, તેમ એકનું એક સત્ય બુદ્ધિની ભિન્નતાને લીધે જૂદાજૂદા મનુષ્યોને જૂદીરીતે દેખાય છે. માટે આપણાથી જૂદા પ્રકારની વિચાર પદ્ધતિવાળાની નિન્દા કરવા દોરાવું નહિં. પણ તે પદ્ધતિમાં કેટલે અંશે સત્ય છે, તે તરફ દ્રષ્ટિ રાખવી.

સત્ય તરફ દ્રષ્ટિ

આ રીતે વર્તવાથી સમભાવ જાગૃત થશે. અન્ય પ્રકારની વિચાર પદ્ધતિઓ—મતો તરફ તેમ તેમના અનુયાયીઓ તરફ દ્વેષભાવ ઉત્પન્ન નહિ થાય, અને સર્વ મનુષ્યો પ્રેમની ગાંઠથી જોડાશે.

આવા સમભાવનું મહત્ત્વ સંબોધસિત્તેરીમાં પ્રથમજ શ્લોકમાં જણાવ્યું છેકે:—

સમભાવ

સેયવંરો વા આસંવરો વા બુદ્ધો અન્નો કો વા ।
સમભાવભાવિઅ અપ્પા લહઇ મુક્ખં ન સંદેહો ॥૧૦॥

શ્વેતાંબર હોય કે દિગમ્બર હોય, બુદ્ધ ધર્માનુયાયી હોય, અથવા કોઇપણ હોય પણ જેના આત્મામાં સમભાવ રમી રહેલો છે તે મોક્ષ મેળવી શકશે એમાં સંદેહ નથી. અને સમભાવ સાથે જીજ્ઞાસુએ ગુણગ્રાહી થવું.

ગુણગ્રાહીપણું

ગુણગ્રાહીપણાથી અનેક લાભ છે. જે મનુષ્યો અવગુણનેજ જોનારા છે તેઓ તો કોઇપણ વસ્તુમાં એકાદ અવગુણ જણાતાં તે વસ્તુનો સર્વથા અનાદર કરે છે; પણ આમ કરવામાં તે અવગુણવાળી વસ્તુ જેમાં સારભૂત બીજા અનેક ગુણો રહેલા હતા, તેના પણ લાભ ખુએ છે. માટે ગુણગ્રાહી પુરૂષે તો હંસની પેઠે જે સારરૂપ જણાય તે ગ્રહણ કરી બીજાનો ત્યાગ કરવો. કારણ કે પરની નિન્દા કરવામાં આપણને કિંચિત્ પણ લાભ નથી, પણ તેથી ઉલટું મન અવગુણોના વિચારમાં રમવાથી અવગુણથી રંગાય છે અને અશુદ્ધ વર્ત્તનને પ્રેરનારૂં થાય છે. કારણ કે મનુષ્ય જે વિષયનું ચિન્તન–ધ્યાન કરે છે, તેવો તે થાય છે; એ બાબત શાસ્ત્રોમાં સર્વ સ્થળે જણાય છે. જે મનુષ્ય નિન્દા કરે છે તે પોતાને વાસ્તે સત્ય મેળવવાના આત્માના અનેક દ્વાર બંધ કરી દે છે. સત્યરૂપી સૂર્ય તો અજ્ઞાનરૂપી વાદળાને ભેદીને પણ પોતાનો પ્રકાશ કરવા સમર્થ હોય છે. પણ તે સૂર્યને દાખલ થવાના માર્ગમાં પ્રતિબંધ નાંખીએ તો તેમાં ગેરલાભ આપણનેજ છે. તેથી આપણે જ્ઞાનથી વિમુખ રહીએ છીએ, અને મન ક્લેશવાળું અને અસ્થિરઃ બને છે.

સ્વદોષદ્રષ્ટિ.

જગતમાં પરમાત્મદશા પ્રાપ્ત કરનાર શિવાયના દરેક પુરૂષમાં કાંઇક પ્રકારની ન્યૂનતા રહેલી છે. માટે બીજાની ન્યૂનતા તરફ નજર નહિ કરતાં પોતાનામાં રહેલી ન્યૂનતા શી રીતે દૂર થાય તેવા હેતુથી બીજાનામાં જે લાભકારક અને ગુણકારી હોય તે સર્વથા અંગીકાર કરવું; આ પ્રમાણે જ્ઞાન વધશે, મન નિર્મળ થશે; અને કોઇની સાથે વિરોધ થશે નહિ અને તેથી રાગદ્વેષના કારણો વિનાશ પામશે.

આ બધા ગુણો જ્યારે તેનામાં ઘણે ભાગે આવે છે ત્યારે મુક્તિના માર્ગમાં પગ મૂકવાને તે યોગ્ય થાય છે. આવા મનુષ્યનેજ જ્ઞાનનો ખરો અધિકારી કહી શકાય છે. એજ પુરૂષ હવે જ્ઞાન મન્દિરના દરવાજા આગળ એક સત્ય જીજ્ઞાસુ તરીકે ઉભો રહે છે, કે જે ઉઘડયાથી સત્ય જ્ઞાનમાર્ગે જવાનો તેનો હક થાય છે. આવા અધિકારીનેજ આત્મજ્ઞાનના રહસ્યના ઉપદેશનો અધિકાર મળે છે.

અવશેષગુણો.

જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર—જીજ્ઞાસુ—માં કયાં ગુણો ખાસ હોવા જોઇએ તેનું પ્રસંગે પ્રસંગે આ નિબન્ધમાં વર્ણન કરવામાં આવ્યું છે તોપણ અવશેષ રહેલા કેટલાક ગુણો જણાવવાની આવશ્યકતા છે. જીજ્ઞાસુમાં એકાગ્રવૃત્તિ અને ધૈર્યની જરૂર છે.

એકાગ્રવૃત્તિ.

બન્ને પુરૂષો એકજ સમયે એકજ પુસ્તક વાંચતા માલૂમ પડે છે, પણ તેમાંથી કેટલું તેમની સ્મરણ શક્તિમાં રહે છે, કેટલું તેમના લક્ષમાં આવે છે, તેનો આધાર તેમની એકાગ્રવૃત્તિ પર રહેલો છે. જ્યારે મનુષ્યનું મન એકાગ્ર થાય છે, ત્યારે મનની સર્વ શક્તિ અમુકજ વિષય પ્રતિ દોરાય છે, અને તેથી કરીને

સહજમાં તે બાબતનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. પણ જે મનુષ્યોનાં મન ભટકતા હોય છે, જેઓને મન ઉપર સંયમ નથી, તેઓને કોઇપણ બાબતનો સંપૂર્ણ ખ્યાલ આવવાને ઝાઝો વખત લાગે છે; માટે જીજ્ઞાસુએ એકાગ્ર થતાં શીખવું જોઇએ. અને તેને વાસ્તે સરલ માર્ગ એ છે કે નાનું કે મોટું ગમે તે કાર્ય આપણે કરવાનું હોય, તેમાં સઘળું મનોબળ લગાડવું. ઘણી બાબતો જે આપણે કરવાની હોય છે તે નજીવી હોય છે, પણ કેવી રીતે આપણે તે કરીએ છીએ, તે કરવામાં કેવું મન રાખીએ છીએ, અને કેવી શક્તિથી તે અમલમાં મૂકીએ છીએ, તેના ઉપર મનની કેળવણીનો આધાર છે. માટે કેવું કાર્ય છે તેનો વિચાર નહિ કરતાં દરેક કર્ત્તવ્યમાં પૂર્ણ મન લગાડી એકાગ્ર થવું. આવી રીતે ઘણીવાર પ્રયત્ન કરવાથી, મનની એકાગ્રતા પમાશે. કારણ કે મન ઘણું ચંચળ છે. અર્જુન જેવાને મનની ચંચળતા ડગમગાવતી હતી. માટે અભ્યાસ શિવાય મનને એકાગ્ર કરવાનો બીજો રાજમાર્ગ નથી. માટે ખંતથી દરેક બાબતમાં મનને એકાગ્ર કરવા શીખવું. કહ્યું છે કેઃ—

In all things,
Great and small things,
Be as thorough as you can.

નાની તેમજ મોટી દરેક બાબતમાં થવાય એટલા સંપૂર્ણ થાઓ. આ ઉપરથી એ સમજવાનું કે જે બાબતનો વિચાર કરતા હોઇયે અથવા જે કાર્યમાં રોકાયા હોઈએ તે શિવાય અન્ય બાબતોના વિચારને તે સમયે મનમાં સ્થાન ન આપવું. આ રીતે મન એકાગ્ર થશે, અને એકાગ્ર થયેલા મનદ્વારા મનુષ્ય સહજમાં ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

બીજો ગુણ ધૈર્યનો છે. અનેક મુશીબતો—સંકટો—આપત્તિઓમાં પસાર થયાપછી જ્ઞાનની ઝાંખી થાય છે. જે મનુષ્યને ધૈર્ય નથી, તે સહજ વિઘ્ન આવતાં કંટાળી પોતાનો પ્રયાસ મુકી દેછે. અને આળસમાં કાળ વ્યતીત કરે છે. પણ જ્ઞાનના અભિલાષીએ સૃષ્ટિમાં જે જે બનાવો બને, જે કાંઈ થાય તે બધાનું અવલોકન કરવું. અવલોકન કીધાથી જે કાંઇ મળી આવે તેને એક બીજા સાથે સરખાવી તેમાં એક બીજા સાથે કાંઈ મળતાપણું અથવા સંબંધ છે કે નહિ અને છે તો શું છે તે તપાસવું, અને કયા નિયમને અનુસરી એ બનાવો બને છે તે શોધી કાઢવું એ જરૂરનું છે. સૃષ્ટિના પદાર્થના જ્ઞાનથી આ પ્રમાણે જે કાંઇ અનુમાન પ્રાપ્ત થાય તેની સિદ્ધતા તપાસવા માટે તેનો દરેક અપેક્ષાથી વિચાર કરવો, અને સૃષ્ટિમાં બનતા એવાજ બનાવો એજ નિયમને અનુસરીને બને છે કે કેમ તે જોવું અને પછી જો તે ખરૂં ઠરે તો તેને સૃષ્ટિના એક સિદ્ધાન્ત રૂપ માનવો. પદાર્થ વિજ્ઞાન પાપ્ત કરવાને આ પ્રમાણે ઘણીજ ધીરજ અને બારીક અવલોકનની જરૂર છે. સત્યના ઉપાશકમાં આવી ધીરજ હોવી જોઇએ. જયાંસુધી કોઇપણ બાબતમાં શંકા લાગતી હોય ત્યાંસુધી તેને સત્ય તરીકે નહીં સ્વીકારતાં તે સંબંધી અન્ય વિદ્વાનો શું કહે છે તે વિચારવાની આવશ્યકતા છે, અને આ સર્વ બાબતમાં શ્રમ અને ધૈર્યની જરૂર છે. પોતાના પ્રયત્નમાં નિષ્ફળ જવાય તોપણ ધૈર્ય રાખી પ્રયત્ન કરવો; અને સત્યપ્રયત્ન કરનારને સર્વથા અન્તે વિજય મળે છે; અને જેમ કાળીદાસના શબ્દોમાં કહીયે તો **निर्वाणाय तरुच्छाया तप्तस्य हि विशेषतः** ઝાડની છાયા આરામ આપે છે પણ તાપથી તપેલાને વધારે વિશ્રાન્તિ આપે છે તેમ જ્ઞાન સર્વથા આનન્દદાયક છે પણ ધૈર્ય

ધૈર્ય.

અને શ્રમથી પ્રાપ્ત કરનારને વિશેષ આનંદ, સુખ અને આત્મવિશ્વાસનું કારણ થાય છે. માટે જીજ્ઞાસુમાં ધૈર્યની પણ જરૂર છે.

હવે આત્મદર્શન રૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાના કયા સાધનો છે તેનો વિચાર કરવાની જરૂર છે.

જ્ઞાનના ભેદ-પરોક્ષ અને અપરોક્ષ.

જ્ઞાનના એક રીતે એ ભેદ છે: 'પરોક્ષજ્ઞાન' અને 'અપરોક્ષજ્ઞાન' પરોક્ષજ્ઞાન તે બુદ્ધિનો-મગજનો વ્યાપાર છે; અપરોક્ષજ્ઞાનને અનુભવ જ્ઞાન પણ કહેવામાં આવે છે. પરોક્ષજ્ઞાનવાળાને હજુ ઘણું કરવાનું છે. એની સ્થિતિ સમુદ્રની પાર ઉતરવા માટે નૌકામાં પગ મૂકવા-બેસવા તૈયાર થયેલા છતાં હજુ સમુદ્ર કાંઠેજ ઉભેલા મનુષ્યના જેવી છે. જેમ કોઈ મનુષ્ય જાણે છે કે આ પ્રમાણે વ્યાપાર કરવાથી અમુક પ્રકારનો લાભ થશે, પણ તે પ્રમાણે પ્રવૃત્તિ ન કરે તો ઇચ્છિત લાભ પ્રાપ્ત કરી શકે નહિ, અને જેમ ગૌતમ બુદ્ધના એક ઉપદેશમાં કથન કર્યા પ્રમાણે સ્હામા કાંઠાનું હજારવાર નામ પોકારવાથી સ્હામે કાંઠે પહોંચાતું નથી, પણ ત્યાં પહોંચવા સારૂ નાવમાં બેસી હલેસાં મારતાં જવુંજ જોઇએ, તેજ રીતે કેવળજ્ઞાન, સર્વજ્ઞપણું અને આધ્યાત્મિક દશાના નામનો ઉચ્ચાર કરવાથી તે મળી શકે નહિ; તે વાસ્તે સાધન અને પ્રયાસની જરૂર છે.

જ્ઞાનનાં સાધન કર્મ કે જ્ઞાન કે ઉભય ?

આ સાધન તે કર્મ ? કે જ્ઞાન ? કે ઉભય ?* કેવળ કર્મ જેમાં જ્ઞાનનો એક અંશ પણ નથી એવા કર્મ માત્રથી આત્મદશા પ્રાપ્ત થાય, એ પક્ષતો સ્પષ્ટ રીતે યુક્તિ હીન છે. જૈન તત્વજ્ઞો અને રામાનુજાચાર્ય વગેરે મહાન્ પુરૂષો કર્મ અને જ્ઞાન બન્નેની આવશ્યકતા સ્વીકારે છે. **જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** જ્ઞાન અને ક્રિયા બન્ને વડે મોક્ષ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધા-

---

* વસન્તપરથી.

ન્તને ‘ જ્ઞાનકર્મ સમુચ્ચયવાદ ’ કહે છે. કારણકે પહેલાં જણાવી ગયા તેમ જ્ઞાનપ્રાપ્તિ નિમિત્તે ચિત્તશુદ્ધિની જરૂર છે, અને તે ચિત્તશુદ્ધિ શુદ્ધકર્મવડે થાય છે, અને આ રીતે શુદ્ધ થયેલા ચિત્તદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીને પણ તેને વર્તનમાં મુકવાની જરૂર છે, કારણકે ખરૂં જ્ઞાન તો તેજ કહી શકાય કે તે પ્રમાણે વર્તન થાય. કહ્યું છે કેઃ—

જાણ્યું તો તેનું ખરૂં, મોહે નવિ લોભાય;
સુખ દુઃખ આવે જીવને, હર્ષ શોક નવિ થાય.

જ્ઞાન પ્રાપ્તિસારૂ મનઃશુદ્ધિની આવશ્યક્તા આપણે વિચારી ગયા; પણ જો કોઈ એવાં હૃદયો હોય કે જે જન્મથીજ શુધ્ધ છે, અને જેની શુભ વાસના જોતાં એનાં શુભકર્મ પૂર્વજન્મનાજ માની લેવાં જોઇએ—તેને કર્મની આવશ્યક્તા નથી. તેવું હૃદય જ્ઞાન પ્રાપ્ત કરવાને યોગ્ય છે, પણ પ્રશ્ન એવો ઉત્પન્ન થાય છે કે જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એને શું નીતિના નિયમોનું બન્ધન નથી રહેતું? નથીજ રહેતું–બન્ધન નથી રહેતું, નહિ કે નીતિના નિયમો નથી રહેતા. અજ્ઞાની મનુષ્યો જે નિયમો શ્રમ કરીને પાળે છે, એજ નિયમો એનામાં સ્વાભાવિક સિદ્ધ થઇ રહે છે. પુષ્પમાંથી સુવાસ સ્ફુરે તેમ એના આત્મામાંથી નીતિ સ્ફુર્યા કરે છે. જ્ઞાનમય આત્મામાંથીજ નીતિ—શુદ્ધકર્મ—સ્વાભાવિકરીતે પ્રકટે છે.

કેવળ આ કર્મ અને (જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનરૂપ) ચિત્ત શુદ્ધિને સારૂ કરેલા કર્મ વચ્ચે એક પ્રકારનો ભેદ છે તે સમજવાની જરૂર છે. જ્ઞાનની સ્થિતિ પ્રાપ્ત કરવામાં જે ગુણો અને કર્મો પૂર્વે સાધનરૂપે હતા, તે હવે તેના જ્ઞાનના સ્વાભાવિક પરિણામરૂપે આવિર્ભાવ પામે છે.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે અપરોક્ષ (ખરા) જ્ઞાનીને કાંઇ કરવાનું રહેતું નથી, અને જે જે આચરણ થાય છે તે તેના જ્ઞાનમાંથી સ્વાભાવિક રીતે સ્ફુરે છે.

આ બાબત અપરોક્ષ અથવા અનુભવ જ્ઞાનની કહેવામાં આવી છે. અને તેવું જ્ઞાન ધરાવનારા મનુષ્યો અહર્નિશ અંતઃકરણ પૂર્વકજ બોલે છે અને આચરે છે. પણ કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેઓ અધ્યાત્મ વિદ્યાનો ડોળ રાખે છે, જ્ઞાનની મોટી મોટી વાતો કરે છે, અને આત્મા તો નિર્લેપ છે એમ જણાવી અધ્યાત્મવાદના પડદા પાછળ અનેક પ્રકારના કુકૃત્યો કરતા જણાય છે અને ઇંદ્રિયોના વિકારોને સ્વાધીન વર્તતા દેખવામાં આવે છે. કહ્યું છે કે—

અધ્યાત્મ વિદ્યાનું ખરૂં સ્વરૂપ.

गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥ २० ॥

મોહનો ત્યાગ કરનારની આત્માને ઉદ્દેશીને જે શુદ્ધ ક્રિયા થાય તેનેજ જીનેશ્વરો અધ્યાત્મ કહે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઉપર જણાવેલું જ્ઞાન તે કોઇ રીતે અધ્યાત્મના પવિત્ર નામને યોગ્ય નથી. તે તો કેવળ પરોક્ષજ્ઞાન છે, અને તે બુદ્ધિનો વ્યાપાર છે. માટે તેવા જ્ઞાનની સાથે તો સદ્વર્તનની આવશ્યકતા છે એ નિઃસંદેહ છે; કારણ કે કુટુમ્બના, સંસારના કે કોમના સુખને ખાતર ખીલેલી મનશક્તિ કરતાં સદ્ગુણો વધારે જરૂરના છે, આમ સહેજ વિચાર કરનારને પણ જણાશે. ગેરટેવલીઓ નામનો વિદ્વાન લખે છે કે ગમે તે પ્રજા તરફ દૃષ્ટિ કરો તો તેની પડતીનું મુખ્ય કારણ લોકના વર્તનમાં બગાડજ છે. જ્યાં ધર્મભાવના નાશ પામી ત્યાં પડતીનાં બીજ રોપાયાં.

બુદ્ધિની ખામીથી નાશ થાય, તેના કરતાં હલકા વર્તનથી વધારે નાશ થાય છે; અને જે જ્ઞાન કેવળ બુદ્ધિનું છે તેની સાથે સાથે પણ અનીતિ જણાય તે; તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. પ્રાચીન તેમજ અર્વાચીન ઇતિહાસ તેના અનેક પુરાવા પુરા પાડે છે. સામાન્ય મનુષ્ય જેટલું નુકશાન કરી શકે તેના કરતાં કેળવાયેલો પણ ધર્મ અને નીતિભાવના વિનાનો મનુષ્ય વધારે કરી શકે છે.

બુદ્ધિ કરતાં ચારિત્રનો વધારે પ્રતાપ.

કોઈ પણ કાર્ય આપણે કરીએ, તે પ્હેલાં તે સંબંધી વિચારો ઉત્પન્ન થાય છે, અને તે વિચારની પણ પૂર્વે સ્વાર્થી યા પરમાર્થી ઇચ્છા રહેલી છે. કોઇ પણ જાતની ઇચ્છા હૃદયમાં ઉત્પન્ન થતાં તેને તૃપ્ત કરવાને વિચારશક્તિ યોજના ઘડે છે, અને પછી તે અમલમાં મૂકાય છે. ઇચ્છા વિચાર અને કાર્યની આ પ્રમાણે સાંકળ છે, જેના અંકોડા એક બીજા સાથે જોડાયેલા છે. માટે કાર્યનો આધાર ઇચ્છા, લાગણીઓ, વૃત્તિઓ પર રહેલો છે. માટે મનુષ્ય સારા, સારા કાર્યો કરે તે સારૂં તેની વૃત્તિઓને શુદ્ધ બનાવવાની છે. અને તે ઉપરથી એ સિદ્ધ થાય છે કે માનસિક કેળવણીથી પણ વધારે અગત્યતા ધરાવનાર વૃત્તિઓની શુદ્ધતા છે. આપણી વૃત્તિઓ શુદ્ધ થાય, અને આપણી લાગણીઓ પરમાર્થી થાય તે માટે ધાર્મિક અને નૈતિક જ્ઞાનની જરૂર છે. શાળાઓમાં જે જ્ઞાન મળે છે, તેથી મગજ ખીલે છે, પણ તેની સાથે સાથે જો ઉત્તમ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપવામાં આવે તો કેળવણીના જે અંગમાં ન્યુનતા છે, તે પૂરી પડે, અને મનુષ્ય સંપૂર્ણ રીતે કેળવાય—

ધાર્મિક શિક્ષણની જરૂર.

વિદ્યા ઉપર આક્ષેપ મુકવામાં આવે છે કે વિદ્યા મનુષ્યને સ્વાર્થી બનાવે છે, વિદ્યા વિવેકશક્તિને જાગૃત કરે છે; પણ ધાર્મિક જ્ઞાનના અભાવે તે વિવેકશક્તિ ઘણેભાગે સ્વાર્થ સાધવામાંજ વપરાય છે; માટે તે આક્ષેપ દૂર કરવાને મનુષ્યના બંધારણના અગત્યના ભાગો, લાગણીઓ અને આત્માને કેળવવો જોઇએ. અને તેને સારૂ ધાર્મિક બોધ એજ પરમ સાધન છે. ધર્મથી મનુષ્ય નીતિવાન્ થાય છે. કારણ કે જેમ સઘળા દૂર્ગુણોનું મૂળ સ્વાર્થ છે, તેમ સઘળા સદ્દગુણોનું મૂળ ધાર્મિક ભાવનાને લીધે ઉપજતો પરમાર્થ છે; કારણ કે ધર્મશાસ્ત્રો તો સર્વથા કહે છે કેઃ—

॥ आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेः ॥

॥ मित्ति मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥

॥ आत्मवत् सर्वतभूेषु यः पश्यति स पश्यति ॥

॥ परोपकाराय सतां विभुतयः ॥

"પોતાને જે પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે ન આચરવું; મારે સર્વ સાથે મૈત્રી છે, કોઇપણ સાથે શત્રુતા નથી. પોતાના આત્માના જેવા બીજાને જુએ છે તેજ ખરૂં જુએ છે; સારા મનુષ્યોની સંપત્તિ પરોપકારને વાસ્તેજ છે," માટે ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ કરવી. પણ ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવામાં સાધનભૂત જે માનસિક વિદ્યા છે તેનો કદાપિ તિરસ્કાર કરવો નહિ.

ખરૂં જ્ઞાન તેજ કહી શકાય કે જે પ્રમાણે વર્તન થાય. જેમ ગધેડો ચંદનનો ભાર વહન કરે, પણ સુગંધીને પામે નહિ. જેમ કડછી જૂદા જૂદા રસવાળા ભોજનોમાં બોળવામાં આવે, પણ તેથી તેની

તૃપ્તિ થાય નહિ; તેમ જાણે પણ તે પ્રમાણે વર્તન રાખવામાં ન આવે તો તેથી ઝાઝો લાભ થાય નહિ. કહ્યું છે કેઃ—

तत्कर्म यन्न बन्धाय सा विद्या या विमुक्तये ।
यायासाय परं कर्म विद्यान्या शिल्पनैपुण्यम् ॥

તેજ કર્મ કે જેથી બન્ધ ન થાય, અને તેજ વિદ્યા કે જે મુક્તિ પમાડે. બીજાં કર્મો ફક્ત પરિશ્રમ ઉપજાવનારાં છે અને બીજી વિદ્યા ફક્ત શિલ્પ શાસ્ત્રમાં પ્રવીણતા તુલ્ય છે. વળી કહેવાય છે કેઃ—

विद्यया विनयोत्पत्तिः सा चेदविनयावहा ।
किं कुर्मः कं प्रतिब्रूमः गरदायां स्वमातरि ॥ २ ॥

વિદ્યા, જે પરંપરાએ મોક્ષના કારણભૂત છે તે વિનયની દાતા છે, પણ વિદ્યાને લીધે ગર્વ ઉદ્ભવ પામે, જો પોતાની માતાજ ઝેર આપે, જો વાડજ ચીભડાં ચોરે તો શું કરીએ અને કોને કહીયે?

ચારિત્ર અને ધન.

જ્ઞાન પ્રાપ્ત કર્યાં છતાં, વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણ્યા છતાં, તેવા પ્રકારનું આચરણ જણાતું નથી, તેનું શું કારણ? જેવું વાવીશું તેવું લણીશું, આપણા દુષ્ટ કર્મના ફળ આપણેજ ભોગવવા પડશે, પુનર્જન્મમાં કર્મ પ્રમાણે ફળ મળશે એમ વારંવાર ઉચ્ચાર કરવા છતાં મનુષ્યો શા સારૂ અનેક પ્રકારના કુકૃત્યો કરતા હશે? શા સારૂ ધનની લાલસા તૃપ્ત કરવાને અઘટિત કાર્ય કરતાં ડર ખાતાજ નહિ હોય? શા સારૂ છળકપટમાં રમી બીજા મનુષ્યોને છેતરવા તથા હેરાન કરવા મથતા હશે? ટુંકમાં શા સારૂ જ્ઞાન પ્રમાણે વર્તન થતું

નહિ હોય ! આ પ્રશ્ન અતિ ગહન પણ ઉપયોગી છે; કારણ કે તેના નિરાકરણથી શુદ્ધ માર્ગે ચાલવાને મનુષ્યને ખરેખરૂં પ્રોત્સાહન મળશે.

મનુષ્યો પોતાની જીંદગીનું સાર્થક શામાં રહેલું છે, પોતાના જીવનનો ઉદ્દેશ શો છે અને તે ઉદ્દેશ અથવા હેતુ શી રીતે પાર પડે, તેપર વિચાર કરતા નથી; પણ ધનની લાલસા અને તે કેવા પ્રકારે તૃપ્ત થાય, તેના સાધનો શોધવામાંજ જીવતરનું સાર્થક માનતા માલૂમ પડે છે.

આ શરીર તેમને મન સર્વસ્વ છે, તેથી શરીરનું કેવી રીતે લાલન પાલન કરવું, અને તે કરવાના સાધનભૂત ધનની પ્રાપ્તિ કેવી રીતે કરવી, એ જગતમાં ઘણા જનોનો જીવન ઉદ્દેશ જણાય છે; ઉચ્ચ વર્તન–ચારિત્ર જે આત્માનો સ્વાભાવિક ગુણ છે, અને મરણ સમયે જે તેની સાથે જનાર છે, તે કેવળ ગૌણપદ ધારણ કરતું જણાય છે. જે પૌદ્ગલિક અને નાશવંત છે તે ધનની પ્રાપ્તિ અને તેને લીધે મળતી કીર્તિ આગળ ઉચ્ચ જીવન ગાળવાનો પ્રયાસ આવા પુરૂષોના વિચાર પ્રમાણે કેવળ તુચ્છ અને હલકો છે. આ પ્રમાણે તેઓ પ્રધાન વસ્તુને ગૌણપદ આપે છે, અને ગૌણ વસ્તુને પ્રધાનપદ આપે છે. જે કેવળ આ જીંદગીમાંજ ઉપયોગ લાગવાનું છે, તે મુખ્ય જણાય છે, ત્યારે નિરન્તર આત્માની સાથે સંબંધ ધરાવનાર તે ગૌણ ગણાય છે. આવા વિપર્યાસને લીધે, જીવન ઉદ્દેશનો બરોબર ખ્યાલ નહિ આવવાને લીધે જે ક્ષણિક વસ્તુ છે તે મહત્ત્વનું રૂપ ધારણ કરે છે, અને તે પ્રાપ્ત કરવાને મનુષ્યો અનેક પ્રકારના કુકૃત્યો અને અધમાચરણ આદરે છે, ન બોલવાનું બોલે છે, ન કરવાનું કરે છે, અને ન વિચારવાનું વિચારે છે. ધન, કીર્તિ, વૈભવ તથા ચાંદ મરણ સમયે મનુષ્યની

સાથે ગયા નથી, જતા નથી, અને ભવિષ્યમાં જશે પણ નહિ. તેની સાથે જનાર તો તેના શુદ્ધ અથવા અશુદ્ધ વિચારો અને સારૂં અથવા નરસું ચારિત્ર છે; જો આમજ હોય, જેમ ધર્મ શાસ્ત્રો પોકારી પોકારીને પ્રતિપાદન કરે છે તેમ મનુષ્યનું ચારિત્ર એજ જીવની શાશ્વત દોલત હોય તો પછી તે દોલતના ભોગે ક્ષણિક દોલત પ્રાપ્ત કરવા મથવું એ કેવું અઘટિત છે? એ કેટલું અવિચારી કાર્ય છે? સામાન્ય મનુષ્યોને મન ક્ષણિક બ્હારની દોલત બહુ મ્હોટી જણાય છે તેથી તે પ્રાપ્ત કરવાને ગમે તેવા કાર્ય કરવા પડે, ગમે તેવા છળકપટ આદરવા પડે, ગમે તેવા આત્મા અને તેના શુદ્ધ ચારિત્રને મલીન કરનારા પ્રયાસો સ્વીકારવા પડે તો તેને વાસ્તે તે તૈયાર હોય છે.

લક્ષ્યબિન્દુ જગતની કીર્તિ અને ધન હોવાથી, તેની પ્રાપ્તિ એજ મોટામાં મોટી ફતેહ તેને ભાસે છે; અને તેથી તેના પ્રયત્નોથી આત્મિક ગુણોની મલીનતા થાય છે કે નહિ તેપર તેનું ધ્યાન દોરાતું નથી. પણ ધર્માર્થી જીવે તો આત્માની ઉન્નતિ, અને તેના કારણભૂત શુદ્ધ ચારિત્ર તેજ જીવનનો ઉદ્દેશ સમજવો જોઇએ.

ચારિત્ર–વર્તન લક્ષ્મી કરતાં આટલું શ્રેષ્ટ છે એ બાબત નિર્વિવાદપણે લોકો સ્વીકારતા જણાય છે, તોપણ લોકોનો વ્યવહાર તપાસતાં સહજ જણાય છે કે ચારિત્ર કરતાં ધનને મનુષ્યો વધારે વજન આપે છે. તેનું એક કારણ ઉપર જણાવવામાં આવ્યું છે તે શિવાય બીજાં પણ કારણો છે. નજદીકની વસ્તુ ન્હાની અને નજીવી હોય તે છતાં આપણી ચર્મચક્ષુને તે મ્હોટી અને અગત્યતા ધરાવનારી ભાસે છે, અને દૂરની વસ્તુ મ્હોટી અને અગત્યની હોય તોપણ ન્હાની અને નિરર્થક જણાય છે. તેજ નિયમ પ્રમાણે ધન–લક્ષ્મી વસ્તુતઃ ક્ષણિક અને નિર્માલ્ય છતાં, ધન અને તેનાથી મળી આવતી

બાહ્ય આડંબર અને ઝળઝકાટ વાળી વસ્તુઓ, નિરંતર આપણી ચર્મ-ચક્ષુ અને કલ્પનાશક્તિ આગળ ખડી રહેવાને લીધે, તેમજ તે વસ્તુઓ અલ્પ પ્રયાસથી પ્રાપ્ત થઇ શકતી હોવાથી લોકો તે તરફ સહજ દોરાય છે. પરન્તુ ઉચ્ચપ્રકારનું વર્તન બાંધવાથી થતો લાભ હાલના જનસમાજમાં ભળી આવતા વણિકબુદ્ધિના મનુષ્યોને ધન અને તેના લાભની માફક બાહ્ય આડમ્બરથી આકર્ષણ કરે તેવો નથી, તેમજ તેની પ્રાપ્તિ બહુ દુષ્કર અને આત્મબળની અપેક્ષા રાખે છે, માટે તે તરફ લોકોની પ્રવૃત્તિ ન થાય તે સ્વાભાવિક છે.

સામાન્ય લોકો ગમે તેવા ધોરણથી મનુષ્યના ચારિત્ર અને ધનને માપે પણ મૃત્યુ પછી તો આત્મઋદ્ધિની અપેક્ષાએ શ્રીમન્ત પણ ચારિત્ર વગરનો લક્ષ્મીનો સદ્ વ્યય નહિ કરનાર માણુસ એક ગરીબ ભિખારી જેવો જણાય છે; ત્યારે ઉચ્ચ પ્રકારના ચારિત્રવાળો નર-રત્ન નિર્ધન છતાં તેની ચારિત્રરૂપી દોલતથી ધનાઢ્ય માલૂમ પડે છે. કારણ કે સ્થૂળ લક્ષ્મી મરણના ઝાંપાની પેલીમેર જઇ શકતી નથી, પણ ચારિત્રજ સાથે આવે છે. અને તે તેની સ્થાયી લક્ષ્મી છે. માટે દરેકે ક્ષણિક વસ્તુના ભોગે પણ ઉચ્ચ પ્રકારનું ચારિત્ર—વર્તન રાખતાં શિખવું; એજ આ કથનનું રહસ્ય છે.

જ્ઞાનથી પ્રાપ્ત થતા ઉત્તમ ચારિત્ર અને ધનને સરખાવવામાં, અને એમાંથી કયું વધારે સ્થાયી છે તે કહેવાયું.

જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનો ભેદ.

ઉચ્ચજ્ઞાન સર્વથા શુદ્ધ ચારિત્રના કારણભૂત છે. દીપ કરતાં પણ જ્ઞાન વધારે પ્રકાશિત છે. બાહ્યસાધનની અપેક્ષા વિના જ્ઞાન પ્રદીપ સ્વયં પ્રકાશે છે. જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ દર્શાવી જ્ઞાનનું માહાત્મ્ય

બતાવતાં શ્રીમદ્ શુભચંદ્રાચાર્ય જ્ઞાનાર્ણવમાં લખે છે કેઃ—

यज्जन्मकोटिभिः पापं जयत्यज्ञस्तपोबलात् ।
तद्विज्ञानी क्षणार्द्धेन दहत्यतुलविक्रमः ॥ २२ ॥
वेष्टयत्यात्मनात्मानमज्ञानी कर्मबन्धनैः ।
विज्ञानी मोचयत्येव प्रबुद्धः समयान्तरे ॥ २३ ॥
निरालोकं जगत्सर्वमज्ञानतिमिराहतम् ।
तावदास्ते उदेत्युच्चैर्न यावज्ज्ञानभास्करः ॥ २४ ॥

અર્થ—અજ્ઞાની કરોડો જન્મ ધારણ કરી તપના પ્રભાવથી જે પાપને જીતે છે તે અતુલ પરાક્રમવાળો જ્ઞાની અર્ધી ક્ષણમાં ભસ્મ કરી શકે છે. અજ્ઞાની આત્માને પોતેજ કર્મરૂપી બન્ધનથી બાંધી લે છે, પણ આત્મા અનાત્માનો ભેદ જાણનાર જ્ઞાની તે સમયે સાવધાન રહી પોતાના આત્માને કર્મથી મુક્ત કરે છે.

જ્યાં સુધી જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થયો નથી, ત્યાં સુધીજ સમસ્ત જગત્ અજ્ઞાનરૂપ અંધકારથી આચ્છાદિત રહે છે; સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થતાં સર્વ પ્રકારની માયા—અજ્ઞાન અદૃશ્ય થાય છે, અને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય છે.

ધર્મશાસ્ત્રોના ઉપદેશ પ્રત્યે રાખવી જોઈતી લાગણી.

ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલા વિષયો–જગતનું સ્વરૂપ, કારણ કાર્યનો કર્મરૂપ અચળ નિયમ, કર્મ પ્રમાણે પુનર્જન્મમાં થનારી સ્થિતિ, આત્માનું અમરત્વ —આપણી અલ્પ બુદ્ધિથી એકદમ ન સમજાય તે સ્વાભાવિક છે; અતીંદ્રિય વિષયો લૌકિકજ્ઞાનથી ન જણાય તે સહજ સમ-

જાય તેમ છે; તો તેવા વિષયોમાં તકરારો નહિ ચલાવતાં, અને મિથ્યા વિતંડાવાદ નહિ કરતાં ભવિષ્યને વાસ્તે તે મુલત્વી રાખવા જોઇએ; હાલ તો જે થોડુંઘણું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તદનુસાર વર્તન રાખવું. જે મનુષ્યો પોતાને મળેલા જ્ઞાન પ્રમાણે આચરણ રાખે છે, તેઓ વશેષ જ્ઞાનના અધિકારી થાય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર વિશેષજ્ઞાન પ્રાપ્ત કરતાં કરતાં, અને તે પ્રમાણે વર્તતાં વર્તતાં, ઘણી બાબતોનું અપરોક્ષ અથવા અનુભવજ્ઞાન થાય છે. જે બાબતો પૂર્વે વિસ્મયકારી અથવા ચમત્કારી ભાસતી હતી, તે હવે કુદરતના, તે વખતે નહિ જણાયલા, કોઇ સ્વાભાવિક નિયમાનુસાર થતી જણાય છે. પૂર્વે જે રીવાજ વહેમરૂપ ભાસતો હતો, તેની અંદર, વધારે જ્ઞાન પ્રાપ્ત થતાં ગુપ્ત ઉચ્ચ આશય રહેલો સમજાય છે.

માટે આપણી અલ્પ શક્તિથી ન સમજાય તેવા ગહન સિદ્ધાન્તોનો અનાદર ન કરતાં, તેમજ તેની નિન્દા કરવામાં મિથ્યા કાળક્ષેપ નહિ કરતાં, જે જણાયું હોય તેને વ્યવહારમાં મુકવા યથાશક્તિ પ્રયત્ન કરવો. આ બાબતમાં સ્વામી વિવેકાનંદ લખે છેકે:—

These are the truths of the sages of all Countries, of all ages, men pure and unselfish who had no motive but to do good to the world. They all declare that they have found some truth, higher than the senses can bring to us, and they challenge verification. They say to you take up the method and practise honestly, and then if you cannot find

higher truth, you will have the right to say there is no truth in the claim, but before you have done that you are not rational in denying the truth of these assertions.

સઘળા જમાનાના અને સઘળા દેશોના નિઃસ્વાર્થી અને પવિત્ર મનુષ્યો જેમનો જગતના કલ્યાણ શિવાય અન્ય ઉદ્દેશ નહોતો, તેમણે સત્યો જણાવેલાં છે, પાંચ ઇંદ્રિયોથી મળી શકે, તેના કરતાં ઉચ્ચ પ્રકારનું જ્ઞાન તેઓને મળ્યું છે, એમ તેઓએ જણાવ્યું છે. અને તેની સત્યતા પૂરવાર કરી શકાય તેમ છે, તેમ તેઓ બીજાઓને આગ્રહપૂર્વક જણાવે છે. તેઓ કહે છે કે ધર્મશાસ્ત્રોએ બતાવેલો માર્ગ ગ્રહણ કરો, અને ખરા હૃદયથી તે પ્રમાણે વર્તો, અને તે પછી પણ જો ઉચ્ચ પ્રકારનું જ્ઞાન તમને પ્રાપ્ત ન થાય તો તેઓનું કથન નાપાયાદાર છે એમ કહેવાનો તમને હક છે. પણ જ્યાં સુધી તમે તે પ્રમાણે વર્તો નહિ ત્યાં સુધી તેઓએ શીખવેલા સત્યનો તિરસ્કાર કરવો એ કેવળ યુક્તિહીન છે. આ ઉપરથી એમ કહેવાનો આશય નથી કે દરેક વાત અંધશ્રદ્ધાથી માનો; પણ કોઇપણ બાબતનો એકદમ તિરસ્કાર કરશો નહિ; કારણ કે સત્ય કયા દ્વારથી મળશે તે કોણ કહી શકે? માટે શુદ્ધ કાર્યો, શુદ્ધ વિચારો અને શુદ્ધ ઇચ્છાઓ રૂપ—શુદ્ધ ચારિત્ર પાળો, અને રાજયોગના માર્ગમાં આગળ વધવા યત્નશીળ થાઓ, અને આત્મા જે જ્ઞાન સ્વરૂપી છે, તે જ્યોતિરૂપે પ્રકાશિત થશે અને પોતાની મેળેજ અજ્ઞાન પડદો ચીરી નાંખી સૂર્ય માફક ઝળકશે.

નીતિને માર્ગે પ્રયાણ

વિવિધ માર્ગ.

ઉપસંહાર

આ નિબંધમાં પ્રથમ જ્ઞાનનું માહાત્મ્ય તે મેળવવાના વિવિધ માર્ગ—ગ્રન્થ, સદ્‌ગુરૂ, સત્સમાગમ, દેશાટન, રાજયોગ વિગેરે—જ્ઞાન અને ચારિત્ર વચ્ચેનો સંબંધ; અને છેવટમાં જ્ઞાન પ્રમાણે વર્તન શી રીતે થાય તે યથાશક્તિ જણાવવામાં આવ્યું છે. વિષય એટલો ગહન છે કે તેનાપર જેટલું લખવામાં આવે તે ઓછું ગણી શકાય; માટે અલ્પબુદ્ધિથી લખેલા આ લેખમાં જે કાંઇ દોષ માલૂમ પડે તે તરફ લક્ષ ન આપતાં, તેમાંથી જે સારભૂત જણાય તે તરફ ધ્યાન આપી, પોતાની ઉન્નતિ સાધવા દરેક આત્મહિતાર્થીએ પ્રયત્ન કરવો; જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત નથી થયું, ત્યાં સુધી દરેક મનુષ્ય ભૂલને પાત્ર છે. માટે ભૂલ તરફ દૃષ્ટિ ન કરતાં ભૂલોથી આવેષ્ટિત વિચારોમાં જે સત્ય માલૂમ પડે તે વિચારી, તેનું મનન કરી, સંપૂર્ણ જ્ઞાનના અધિકારી થવાય તે સારૂ, ધર્મશાસ્ત્રોએ જણાવેલા પ્રથમ સામાન્ય નીતિના માર્ગે ચાલી, આગળ ઉપર રાજયોગ—અધ્યાત્મજ્ઞાનના વિકટ પણ શુદ્ધ માર્ગે પ્રવર્તવું.

છેવટમાં સંપૂર્ણજ્ઞાન સ્વરૂપી પરમાત્મને નમસ્કાર કરી આ લેખ સંપૂર્ણ કરવામાં આવે છે.

ऋषभो नाभिसूनुर्यो भूयात्स भविकाय वः ।
यज्ज्ञानसरसि विश्वं सरोजमिव भासते ॥ २९ ॥

॥ शुभं भूयात् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः